
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૦ * અંક-૫ * જાન્યુઆરી, ૨૦૧૬



ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

વીરનો ધ્વનિ ગુરુ પરંપર જે મળેલો
પોતે વિદેહ જઈ દિવ્યધ્વનિ ઝીલેલો,
તે સંઘર્યો મુનિવરે પરમાગમોમાં,
ઉપકાર કુંદમુનિનો બહુ આ ભૂમિમાં.

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જો આક્ષેપ કરકે કથાકો નહીં કહતા હૈ–કિસી વ્યક્તિ વિશેષકો લક્ષ્ય કરકે પ્રવચન નહીં કરતા હૈ, જો ઈર્ષ્યાકો નહીં કરતા હૈ, અપની પ્રશંસા નહીં કરતા હૈ, દૂસરેકી હઁસી નહીં કરતા હૈ–નિંદા નહીં કરતા હૈ, દૂસરેકે રહસ્યકો નહીં કહતા હૈ, ક્રોધકો નષ્ટ કરતા હૈ, શાંતિકો સ્થિર કરતા હૈ ઔર પ્રીતિસે ચ્યુત નહીં હોતા હૈ— ઉસે સ્થિર રખતા હૈ, ઉસ નિરાભિમાની મનુષ્યકો વિદ્વાન પુરુષ સજ્જન કહતે હૈં. ૧૫૨૭. (શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્ન સંદોહ, શ્લોક-૪૫૨)

● ચક્ષુકો આત્મહિતકારી પદાર્થોંકો હી દેખના ચાહિયે જિસસે ઐસે જ્ઞાનકી પ્રાપ્તિ હો જિસસે અતીન્દ્રિય આનંદકા સ્વાદ પા સકે, જિસસે શુદ્ધ સમ્યગ્દર્શનકી અનુમોદના કી જાવે. યદિ શરીરકે રાગવર્ધક પદાર્થોંકો દેખા જાવેગા તો દર્શનાવરણકા બંધ હોગા. ૧૫૨૮. (શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૩૬૨)

● જેવી રીતે ખેતરમાં પડેલું બીજ ખારા જળના ત્યાગથી અને મીઠા જળના યોગથી મધુર ઉત્પન્ન થાય છે તેવી જ રીતે તત્ત્વશ્રવણના યોગથી તત્ત્વવાર્તા સાંભળવાના પ્રભાવથી ઉત્તમ ધ્યાન ઉત્પન્ન થાય છે. ૧૫૨૯.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, મોક્ષ અધિકાર, ગાથા-૫૦)

● જો પુરુષ ઈસ જિનભાસિત જ્ઞાનરૂપ જલકો પ્રાપ્ત કરકે અપને નિર્મલ ભલે પ્રકાર વિશુદ્ધભાવ સંયુક્ત હોતે હૈં વે પુરુષ તીન ભુવનકે ચૂડામણિ ઔર શિવાલય અર્થાત્ મોક્ષરૂપી મંદિરમેં રહનેવાલે સિદ્ધ પરમેષ્ઠી હોતે હૈં. ૧૫૩૦.

(શ્રી કુંદકુંદાચાર્ય, ચારિત્રપાહુડ, ગાથા-૪૧)

● સમ્યગ્દષ્ટિને સર્વ પ્રકારના ભોગોમાં પ્રત્યક્ષ રોગની માફક ઉપેક્ષા હોય છે, કારણ કે તે સમ્યક્ત્વરૂપ અવસ્થાનો વિષયોમાં અવશ્ય ઉપેક્ષા થવી એવો સ્વતઃસિદ્ધ સ્વભાવ છે. ૧૫૩૩. (શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૨૬૧)


● જેના હૃદયમાં ગણધર જેવો સ્વ-પરનો વિવેક પ્રગટ થયો છે, જે આત્માનુભવથી આનંદિત થઈને મિથ્યાત્વને નષ્ટ કરે છે, સાચાં સ્વાધીન સુખને સુખ માને છે, પોતાના જ્ઞાનાદિ ગુણોની અવિચળ શ્રદ્ધા કરે છે, પોતાના સમ્યગ્દર્શનાદિ સ્વભાવને પોતાનામાં જ ધારણ કરે છે, જે અનાદિના મળેલ જીવ અને અજીવનું પૃથક્કરણ, જેમ કતકફળ કીચડથી પાણીનું પૃથક્કરણ કરે છે, તેમ કરે છે. જે આત્મબળ વધારવામાં પ્રયત્ન કરે છે અને જ્ઞાનનો પ્રકાશ કરે છે, તે જ સમ્યગ્દષ્ટિ સંસાર-સમુદ્રથી પાર થાય છે. ૧૫૩૧.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, મંગલાચરણ, ૫૬-૮)


વર્ષ–૧૦
અંક–૫




વિ. સંવત
૨૦૭૧
January
A.D. 2016



# દરેક આત્મા જ્ઞાનસ્વરૂપ છે




(શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર
પૂજ્ય ગુરુદેવશ્રીનાં સોળમી વખતના પ્રવચન)
(સમયસાર ગાથા ૧૭-૧૮ના પ્રવચનમાંથી)

જ્ઞાનસ્વરૂપ આત્માની સેવા વડે મોક્ષમાર્ગ થાય છે. દરેક આત્મા જ્ઞાનસ્વરૂપ હોવા છતાં તે પોતે પોતાને જ્ઞાનસ્વરૂપે કેમ નથી સેવતો ? ને જ્ઞાનસ્વરૂપે પોતાને કઈ રીતે સેવવો ? તે બંને વાત અહીં આચાર્યદેવે સમજાવી છે.

ભાઈ, કોઈપણ પદાર્થને જાણતાં તારું જ્ઞાન તો ભેગું જ છે, જ્ઞાનની જ હયાતીમાં તે પદાર્થો જાણી શકાય છે માટે જ્ઞાન જ મુખ્ય છે—એવા જ્ઞાનને તું લક્ષમાં લે; જ્ઞેયો સાથે મિશ્ર કર્યા વગરનું જે એકલું જ્ઞાન, તે 'શુદ્ધ જ્ઞાનસ્વરૂપ જ હું છું' એમ અનુભવમાં લે તો મોક્ષમાર્ગ પ્રગટશે જ ને તારા સાધ્યની સિદ્ધિ થશે. આવો સિદ્ધિમાર્ગ બધાયને સમજાય તેવી સુગમ રીતે અહીં સંતોએ પ્રસિદ્ધ કર્યો છે.

દરેક જીવને પોતાની જ્ઞાનદશા અનુભવમાં આવે જ છે; અજ્ઞાનથી તે રાગદ્વેષાદિ પરભાવોના સ્વાદને જ્ઞાન સાથે ભેળવીને અનુભવે છે, પણ તેમાં પરભાવોથી ભિન્ન જ્ઞાનપણે પોતાનો જે સ્વાદ છે તેને જો ઓળખે તો જ્ઞાનમાત્ર આત્માનું જ્ઞાન થાય, અર્થાત્ આત્મજ્ઞાન થાય, ને એવા જ્ઞાનપૂર્વક આત્માનું સાચું શ્રદ્ધાન થાય. આ રીતે જ્ઞાનસ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાન થાય તો જ જીવ પોતાના સ્વરૂપમાં ઠરી શકે, ને તો જ મોક્ષની સિદ્ધિ થાય.

> જીવ ચેતનારૂપ પરિણમે; વળી ચેતના ત્રિવિધા ગણી;
> તે જ્ઞાનવિષયક, કર્મવિષયક, કર્મફળવિષયક કહી. ૧૨૩. —શ્રી પ્રવચનસાર

આ જે બધાય ભાવો છે તેમાં શરીરાદિ કે રાગાદિ તે હું નથી, જ્ઞાનભાવ તે જ હું છું—એમ જાણનારસ્વરૂપે જ પોતે પોતાને અનુભવમાં લેતાં આત્મજ્ઞાન થાય છે. જેમ અરિહંતને ઓળખતાં આત્મા જણાય એમ કહ્યું; તેમાં પરમ ઔદારિક દિવ્ય શોભાવાળું શરીર તે કાંઈ અરિહંતની પર્યાય નથી, એ તો જડ પુદ્ગલની પર્યાય છે, તે પર્યાય વડે અરિહંતનો આત્મા નથી ઓળખાતો; એ જ રીતે રત્નમણિનાં છત્ર—ચામર—સિંહાસન વગેરે પ્રાતિહાર્યો તે પણ જડના સંયોગ છે, તે પ્રાતિહાર્યોની શોભા વડે અરિહંતનો આત્મા ઓળખાતો નથી, કેમકે તે કાંઈ અરિહંતની પર્યાય નથી; અરિહંતદેવની પર્યાય તો કેવળજ્ઞાનાદિરૂપ છે; જેમાં રાગાદિ નથી, આવી કેવળજ્ઞાનાદિ પર્યાય વડે તથા તેમના ગુણ અને દ્રવ્ય વડે અરિહંતને ઓળખતાં જ્ઞાનસ્વરૂપ આત્મા ઓળખાય છે, એટલે જડના સંયોગથી તથા પરભાવોથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ હું છું—એવું ભેદજ્ઞાન તથા સમ્યગ્દર્શન થાય છે. આ રીતે જ્ઞાનસ્વરૂપ આત્માની પ્રતીત થઈ ત્યારે અરિહંતના આત્માની ઓળખાણ થઈ; ને ત્યારે મોક્ષમાર્ગ શરૂ થયો.

તેમ અહીં પણ કહે છે કે દરેક આત્મા જ્ઞાનસ્વરૂપ છે; તે જ્ઞાનસ્વરૂપ આત્માને જ્ઞાનપણે ન અનુભવતાં રાગાદિપણે કે જડપણે માનીને જ્ઞાનને ભૂલી જાય છે, તેથી અજ્ઞાનીને શુદ્ધ આત્માની સિદ્ધિ થતી નથી, તે તો અશુદ્ધ આત્માને જ અનુભવે છે. અનેક ભાવોનું (જ્ઞાન, રાગ ને સંયોગોનું) મિશ્રપણું હોવા છતાં તેમાં જે જ્ઞાનપણે અનુભવાય છે તે જ હું છું, ને એ સિવાય બીજા ભાવો તે હું નથી—આમ ભેદજ્ઞાનમાં પ્રવીણ થઈને નિઃશંકપણે અન્ય સમસ્ત ભાવોથી ભિન્ન શુદ્ધજ્ઞાનસ્વરૂપે જ પોતાને અનુભવે છે ત્યારે જ તેમાં એકાગ્ર થઈને આત્મા પોતાની શુદ્ધતાને સાધે છે. આ રીતે સાધ્યની સિદ્ધિ થાય છે.

કોઈ પદાર્થને જાણતાં તેમાં પોતાનું જ્ઞાન તો મુખ્ય છે જ; જ્ઞાનના અસ્તિત્વ વગર જ્ઞેયનું અસ્તિત્વ જાણી શકાય જ નહિ. જ્ઞાન વગર જ્ઞેય શેમાં જણાય? આમ જ્ઞાનની હયાતીમાં જ જ્ઞેયનું અસ્તિત્વ જણાતું હોવા છતાં, અજ્ઞાની તે જ્ઞાનને જ ભૂલી જાય છે.— અરે ભાઈ, જ્ઞેયોને જાણતાં જ્ઞાનસ્વરૂપે તારું અસ્તિત્વ છે—તેને તું કેમ ભૂલી જાય છે! અરે, જાણનારે પરને જાણ્યાં પણ પોતે પોતાને જ ભૂલ્યો! શ્રીમદ્ રાજચંદ્રજી એક પત્રમાં જ્ઞાનની મુખ્યતા બતાવતાં લખે છે કે—

"કોઈ પણ જાણનાર, ક્યારે પણ કોઈ પણ પદાર્થને પોતાના અવિદ્યમાનપણે

**છે 'જ્ઞાન' અર્થવિકલ્પ, ને જીવથી કરાતું 'કર્મ' છે,**
**—તે છે અનેક પ્રકારનું, 'ફળ' સૌખ્ય અથવા દુઃખ છે. ૧૨૪. –શ્રી પ્રવચનસાર**

જાણે એમ બનવાયોગ્ય નથી, પ્રથમ પોતાનું વિદ્યમાનપણું ઘટે છે....સર્વથી પ્રથમ રહેનારો જે પદાર્થ, તે જીવ છે; તેને ગૌણ કરીને એટલે તેના વિના કોઈ કાંઈ પણ જાણવા ઈચ્છે, તો તે બનવાયોગ્ય નથી; માત્ર તે જ મુખ્ય હોય તો જ બીજું કાંઈ જાણી શકાય.'' આ રીતે જીવનું ઊર્ધ્વપણું છે, મુખ્યપણું છે, તેના અસ્તિત્વમાં સર્વ પદાર્થો જાણી શકાય છે. બધાને જાણનારો પોતે, છતાં પોતે પોતાને ભૂલી રહ્યો છે !

ઘટ પટ આદિ જાણ તું તેથી તેને માન;
(પણ) જાણનારને માન નહિ, કહિયે કેવું જ્ઞાન ! (આત્મસિદ્ધિ)

જ્ઞાનસ્વરૂપ હું નથી, ને પદાર્થો મને જણાય છે—એ વાત કેવી ? પદાર્થો જણાય છે, તો પહેલાં તેને જાણનારો તું જ્ઞાનસ્વરૂપે સત્ છો—એમ તારું અસ્તિત્વ જાણ.

અહા, દરેક જીવને પર્યાય પર્યાયે જ્ઞાન તો પ્રકાશી જ રહ્યું છે; પણ જ્ઞાનને જ્ઞાનપણે ન ઓળખતાં રાગપણે ને જડજ્ઞેયોપણે કલ્પી લ્યે છે, હું જ્ઞાનસ્વરૂપ છું એમ નથી અનુભવતો પણ રાગાદિપણે જ પોતાને અનુભવે છે—આ રીતે 'અનુભૂતિરૂપ જે જ્ઞાન છે તે જ હું છું'—એવું આત્મજ્ઞાન નહિ હોવાથી તે અજ્ઞાનીને જ્ઞાનસ્વરૂપમાં એકાગ્રતારૂપ મોક્ષમાર્ગ સિદ્ધ થતો નથી, તે તો રાગાદિમાં જ એકાગ્રપણે અજ્ઞાનભાવથી સંસારમાં રખડે છે.

જ્ઞાન વગરનો ક્યો જીવ હોય ? કોઈ જીવ જ્ઞાન વગરનો હોય નહિ, તે જ્ઞાનપણે પોતે પોતાને ન ઓળખતાં અન્ય ભાવોપણે જ પોતાને માનવો તે અનાત્મજ્ઞાન છે—મિથ્યાત્વ છે, અપ્રતિબદ્ધપણું છે. તે કેમ ટળે તેની આ વાત છે.

જ્ઞાનસ્વરૂપ અનુભવ તે જ હું છું—એમ શુદ્ધાત્માના સેવન વડે અજ્ઞાન ટળીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. આ જ્ઞેયપણે જણાતાં અનેક ભાવોમાં જે જ્ઞાનની રચના કરનાર છે તે જ હું છું; રાગની રચના કરનારો હું નહિ, જડની—ભાષાની—શરીરની રચના કરનારો હું નહિ; તેને જાણનારું જે જ્ઞાન, તે જ્ઞાનને રચનારો જ્ઞાનસ્વરૂપ હું છું—એમ પરભાવોથી પૃથક્કરણ કરીને જ્ઞાનસ્વરૂપે પોતાને અનુભવમાં લેવો તેનું નામ જ્ઞાનનું સેવન છે, તે જીવરાજાની સેવા છે, ને તે જ મોક્ષમાર્ગ છે.

'જ્ઞાનની સેવા' તે ક્રિયા છે, તે નવી થાય છે

સમયસાર ગાથા ૧૭-૧૮માં મોક્ષને માટે જ્ઞાનસ્વરૂપ આત્માને સેવવો—એમ જ્ઞાનને સેવવાનો ઉપદેશ આપ્યો.

ત્યાં શિષ્ય પૂછે છે—પ્રભો ! આત્મા તો સદાય જ્ઞાનસ્વરૂપ છે જ, એટલે જ્ઞાનને

**પરિણામ-આત્મક જીવ છે, પરિણામ જ્ઞાનાદિક બને;**
**તેથી કરમફળ, કર્મ તેમ જ જ્ઞાન આત્મા જાણજે. ૧૨૫. —શ્રી પ્રવચનસાર**

સેવે છે જ, જ્ઞાનથી જુદો તો નથી; છતાં જ્ઞાનને સેવવાનો ઉપદેશ શા માટે આપો છો ? પોતાના જ્ઞાનગુણથી આત્મા કદી જુદો તો નથી, જ્ઞાન સાથે તાદાત્મ્ય જ છે; પછી જ્ઞાનની સેવાનો ઉપદેશ કેમ આપો છો ! જુઓ, આ પ્રશ્નના ઉત્તરમાં આચાર્યદેવ વસ્તુસ્વરૂપ સ્પષ્ટ કરીને સમજાવે છે : ભાઈ ! જ્ઞાનગુણ સાથે આત્મા સદા તાદાત્મ્ય છે—એ સાચું, છતાં તેણે જ્ઞાનને એકક્ષણ પણ સેવ્યું નથી, કેમ નથી સેવ્યું ? કારણ કે જ્યારે પર્યાયને જ્ઞાન સાથે તાદાત્મ્ય કરે ત્યારે જ્ઞાનને સેવ્યું કહેવાય. પર્યાય તો રાગ સાથે તાદાત્મ્ય થઈને રાગને જ સેવે છે—રાગને જ અનુભવે છે; જ્ઞાનમાં તન્મય પરિણમતો નથી ને જ્ઞાનને અનુભવતો નથી; માટે જ્ઞાનને સેવતો નથી.

કેમ કે 'સેવવું' તે ક્રિયા છે, ને ક્રિયા તે પર્યાયમાં થાય છે, દ્રવ્ય-ગુણમાં નહીં. દ્રવ્ય-ગુણ ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છે, આત્મદ્રવ્યને અને જ્ઞાનગુણને સદા તદ્રૂપપણું છે એ ખરું, પણ તેમાં કાંઈ જ્ઞાનને સેવવારૂપ ક્રિયા નથી, જ્ઞાનની સેવારૂપ ક્રિયા ક્યારે થાય ? કે યથાર્થ ભેદજ્ઞાનનો ઉપદેશ પામીને અંદરમાં રાગ અને જ્ઞાનની ભિન્નતાના વિવેકવડે આત્માને યથાર્થસ્વરૂપે જાણે ને તેમાં તન્મય થઈને પરિણમે,—આવું પરિણમન થાય તેનું નામ જ્ઞાનની સેવા છે; ને જ્ઞાનના સેવનરૂપ આ ક્રિયા તે પર્યાય છે. આવી પર્યાય પ્રગટ્યા વગર જ્ઞાનની સેવા થાય નહી, જ્ઞાનસ્વભાવ તો સદાય છે, ને પર્યાય તે તરફ ઢળીને તેમાં તદ્રૂપ પરિણમી, તેનું નામ જ્ઞાનની સેવા છે, તે જ મોક્ષમાર્ગ છે.

દ્રવ્ય ને ગુણ તો સદાય તાદાત્મ્ય છે જ, પણ જ્યારે પર્યાય પણ તેમાં જ તાદાત્મ્યરૂપ થઈને પરિણમે ત્યારે શુદ્ધાત્માનું સેવન (શ્રદ્ધા-જ્ઞાન-આચરણ) કર્યું કહેવાય; ત્યારે શુદ્ધઆત્માની સિદ્ધિ થાય. શુદ્ધાત્માને સેવવારૂપ ક્રિયા તે દ્રવ્યગુણમાં ન હોય, તે તો પર્યાયમાં હોય. પર્યાય અંતરમાં જ્ઞાનસ્વભાવ તરફ ઝુકીને તન્મય થવાને બદલે રાગાદિ પરભાવોના જ વેદનમાં તન્મયપણે વર્તે તો તે પર્યાય સ્વયં વિકારરૂપ—અજ્ઞાનરૂપ છે, તેમાં જ્ઞાનસેવનની ક્રિયા નથી પણ અજ્ઞાનનું સેવન છે. જ્ઞાનનું સેવન તો ત્યારે જ થાય કે જ્યારે જ્ઞાનીનો યથાર્થ ઉપદેશ પામીને જીવ પુરુષાર્થ વડે પ્રતિબુદ્ધ થાય, ને રાગથી અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપે જ પોતાને જાણીને અનુભવ કરે. આવો અનુભવ તે જ્ઞાનની ક્રિયા છે, તે મોક્ષમાર્ગ છે, તે અપૂર્વ જ્ઞાનક્રિયા નવી પ્રગટે છે. જ્યારે પર્યાયમાં આવો જ્ઞાનભાવ પ્રગટ્યો ત્યારે જ 'મારા દ્રવ્ય-ગુણ પણ આવા જ્ઞાનસ્વરૂપ જ છે' એમ ખરી ઓળખાણ થઈ. દ્રવ્ય-ગુણ શુદ્ધ છે—એમ ઓળખે ત્યાં પર્યાય પણ તેમાં તદ્રૂપ થઈને શુદ્ધ થાય જ.

(અનુસંધાન પેજ નં. ૯ ઉપર)

**'કર્તા, કરમ, ફળ, કરણ જીવ છે' એમ જો નિશ્ચય કરી**
**મુનિ અન્યરૂપ નવ પરિણમે, પ્રાપ્તિ કરે શુદ્ધાત્મની. ૧૨૬.** —**શ્રી પ્રવચનસાર**




# આત્માના જ્ઞાનનો વેપાર

(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)
(તા. ૩૦-૪-૪૪, રવિવાર)



દર્શનઉપયોગ પછી જ્ઞાનઉપયોગ શરૂ થાય છે. પ્રથમ જે જ્ઞાન ઘણું નબળું હોવાથી પદાર્થને જાણી શકતું નથી તે જ્ઞાનને વ્યંજનાવગ્રહ કહેવાય છે, તે જ્ઞાન એટલું બધું નબળું છે કે ત્યાર પછી તુરત જ ઈહા—અવાય કે ધારણા થઈ શકતાં નથી. અર્થાવગ્રહ પછી વિશેષજ્ઞાન થતાં ઈહા—અવાય—ધારણા થાય છે. અર્થાવગ્રહદ્વારા જાણેલા પદાર્થનું વિશેષ જ્ઞાન થવા માટે તે તરફના ઝૂકાવવાળો જ્ઞાનનો ઉપયોગ તે 'ઈહા' છે. ઈહા કોઈ પર પદાર્થની થતી નથી પણ જ્ઞાનની જ થાય છે. પોતાના જ્ઞાનમાં એકાગ્રતા કરીને વસ્તુ તરફનો જે ઉપયોગ કર્યો તે ઈહાજ્ઞાન છે. ''સ્થંભનો અવગ્રહ થયો કે સ્થંભની ઈહા થઈ'' એ તો કથન માટેની ટૂંકી ભાષા છે, પરમાર્થે સ્થંભના અવગ્રહ કે ઈહા થતાં નથી, પણ જ્ઞાનની જ અવગ્રહ કે ઈહારૂપ પર્યાય છે. આમ પરમાર્થસ્વરૂપ જે સમજે નહિ તે શાસ્ત્રમાં વ્યવહારનયનાં લખાણ હોય તેના અર્થ ન સમજતાં ભાષાના શબ્દોની પકડ કરીને ગોટા ઉઠાવે છે. અવગ્રહ—ઈહા તે જ્ઞાનની પર્યાય છે કે જડની? તે જ્ઞાનની જ પર્યાય છે માટે જ્ઞાનનાં જ અવગ્રહ—ઈહા થાય છે, સ્થંભ તો જડ છે તેનાં અવગ્રહ—ઈહા પરમાર્થે થતા નથી. પર પદાર્થ સંબંધી પોતાના જ્ઞાનમાં આત્મા વિચાર કરે છે તેથી પર પદાર્થનો વિચાર કરે છે એમ નિમિત્તથી કહ્યું છે પણ ખરી રીતે વિચારનો સંબંધ પોતાના જ્ઞાન સાથે છે, જ્ઞાનવડે જ જીવ વિચાર કરે છે માટે વિચાર તે જ્ઞાનની પર્યાયનો જ છે, પર પદાર્થનો વિચાર નથી.

જ્ઞાનમાં જે લાયકાતરૂપ ઉઘાડ છે તેટલો ઉપયોગ જ્ઞાનમાં એકાગ્ર થઈને જાણે છે પણ નિમિત્તથી (વ્યવહારથી) બોલણી છે કે પર પદાર્થને જાણે છે. પર પદાર્થ તો તેના કારણે હાજર હોય છે પણ જીવનું લક્ષ તે તરફ જાય છે ત્યાં અજ્ઞાનીને પોતાની નિમિત્તાધીન દૃષ્ટિના કારણે ભ્રમ થાય છે, તેથી બીજી હાજર રહેલી વસ્તુથી મને જ્ઞાન

**છે દ્રવ્ય જીવ, અજીવ; ચિત-ઉપયોગમય તે જીવ છે;**
**પુદ્‌ગલપ્રમુખ જે છે અચેતન દ્રવ્ય, તેહ અજીવ છે. ૧૨૭.**　　**—શ્રી પ્રવચનસાર**

થયું એમ તે માને છે, પરંતુ જ્ઞાનની ઉઘાડશક્તિ અનુસાર જીવને જ્ઞાન થાય છે એમ તેને પોતાના જ્ઞાનસ્વભાવની ખબર નથી.

ઈહા વડે થયેલા જ્ઞાનનો પોતામાં નિર્ણય થવો તે અવાય છે અને તે જ્ઞાનને કાળાંતરમાં ભૂલવું નહિ તે ધારણા છે. આ બધા જ્ઞાનના જ ઉપયોગ છે. પહેલાં વ્યંજનાવગ્રહ થાય, પછી અર્થાવગ્રાહ, પછી વિશેષ વિચાર કરવો તે ઈહા, પછી નિશ્ચય થયો તે અવાય અને ધારી રાખવું તે ધારણા છે—આ બધા મતિજ્ઞાનના ઉપયોગના ભેદો છે. મતિજ્ઞાન પછી પદાર્થાંતર (અન્ય પદાર્થ સંબંધી) વિશેષ બોધ થવો તે શ્રુતજ્ઞાન છે, તેના ત્રણ ભેદ છે. ૧—લબ્ધિ, ૨—ભાવના અને ૩—ઉપયોગ. પુરુષાર્થ વડે જ્ઞાનની જે ઉઘાડશક્તિ તે લબ્ધિ, તે તરફ ઉપયોગનું જોડાણ તે ભાવના અને જ્ઞાનનો પ્રગટ વેપાર તે ઉપયોગ છે. આ રીતે પંચાસ્તિકાયમાં શ્રુતજ્ઞાનના ત્રણ ભેદ લીધા છે. એ પ્રમાણે શ્રુતજ્ઞાનના પ્રકાર ટૂંકમાં કહ્યા.

જ્ઞાનગુણ અખંડ છે તેમાંથી દરેક સમયે એક પર્યાય આવે છે. જ્ઞાનનો સ્વભાવ અખંડ છે એટલે પરિપૂર્ણ અને રાગરહિત જાણવાનો સ્વભાવ છે. સામો જ્ઞેય પદાર્થ પણ ખંડરૂપે નથી, એક સમયમાં અખંડ છે અને તેને જાણનાર જ્ઞાનની શક્તિ પણ અખંડ છે. કેવળજ્ઞાન અખંડ છે તે ભિન્ન ભિન્ન અનંત પદાર્થોને જાણે છે તોપણ ખંડરૂપ કે રાગરૂપ થતું નથી. જ્ઞાનનો સ્વભાવ વિશેષ—સવિકલ્પ છે. જ્ઞાન એક સમયમાં અખંડ દ્રવ્ય, અનંત ગુણો અને અનંત પર્યાયોને જાણે છે તેથી તેને વિશેષ કહેવાય છે, પરંતુ તેથી જ્ઞાનના અનંત કટકા થતા નથી. જ્ઞાન પરને જાણે છે તે કથન નિમિત્તથી છે. રાગરહિત હોવાથી કેવળજ્ઞાન પૂર્ણ છે. જ્ઞાનનો સ્વભાવ એક સમયમાં અનંતને જાણવાનો છે, પોતે એકરૂપે રહીને જ અનંતને જાણે છે. મતિ—શ્રુતઆદિ ક્ષયોપશમજ્ઞાનમાં ઉઘાડ ઓછો છે તેથી જાણવામાં ભેદ (ક્રમ) પડે છે, પણ તેથી જ્ઞાનમાં કટકા પડતા નથી. જેટલું છે તેટલું જ્ઞાન અખંડ છે.

આ, ધર્મ સમજવા માટે કહેવાય છે. ધર્મ એટલે જ્ઞાનમાં આરાધકભાવ. જ્ઞાનનું પોતા તરફનું એકાગ્રપણું તે જ આરાધકભાવ છે. પંચમહાવ્રતનો વિકલ્પ તે આરાધકપણું નથી કેમ કે તે રાગ છે. જ્ઞાનસ્વભાવના ભાન વગર સાચું આરાધકપણું હોતું નથી. જ્ઞાનના ભાન વગર આરાધકપણું ક્યાં કરે ? જેમ જમીન વગર ઝાડ ન જ ઊગે તેમ આત્માના ભાન વગર આરાધકભાવ એટલે કે ધર્મ ન જ થાય, માટે પહેલાં જ્ઞાનસ્વભાવદ્વારા આત્માને ઓળખવો જોઈએ.

**આકાશમાં જે ભાગ ધર્મ-અધર્મ-કાળ સહિત છે,**
**જીવ-પુદ્ગલોથી યુક્ત છે, તે સર્વકાળે લોક છે. ૧૨૮.** **—શ્રી પ્રવચનસાર**

આ ગાથાઓમાં જ્ઞાનના ઉપયોગના ભેદોનું વર્ણન ચાલે છે. કેવળજ્ઞાન પૂર્ણ હોવાથી તેને સ્વભાવજ્ઞાન તરીકે પ્રથમ વર્ણવ્યું છે. અપૂર્ણજ્ઞાનના સમ્યક્ અને મિથ્યા એવા બે ભેદ પાડ્યા અને તેમાં સમ્યગ્જ્ઞાનના ચાર ભેદ તથા મિથ્યાજ્ઞાનના ત્રણ ભેદ કહ્યા, તેમાંથી સમ્યગ્જ્ઞાનના મતિ અને શ્રુત એ બે ભેદોનું વર્ણન પૂરું થયું. હવે અવધિ અને મનઃપર્યયની વ્યાખ્યા કરે છે.

અવધિજ્ઞાન :—મન અને ઈન્દ્રિયના નિમિત્ત વગર રૂપી પર પદાર્થને જાણવાનો જ્ઞાનનો જે ઉઘાડ તે અવધિજ્ઞાન છે; તેના ત્રણ પ્રકાર છે. દેશઅવધિ, સર્વઅવધિ અને પરમઅવધિ.

મનઃપર્યયજ્ઞાન :—ઈન્દ્રિય અને મનના નિમિત્ત વગર જે સામાના મનની વાત જાણે તે મનઃપર્યય છે; તેના બે પ્રકાર છે. ઋજુમતિ અને વિપુલમતિ.

પ્રથમ મતિ અને શ્રુતજ્ઞાન કે જે આત્માની શુદ્ધપર્યાય છે તેનું સ્વરૂપ બતાવ્યું, તેના વગર કોઈને વ્રત-પચ્ચખાણ ન હોય. ત્યારપછી અવધિ અને મનઃપર્યયજ્ઞાનનું સ્વરૂપ કહ્યું, તે જ્ઞાન કોઈ સમ્યગ્દષ્ટિઓને હોય અને કોઈને ન પણ હોય. સર્વઅવધિ અને પરમઅવધિજ્ઞાન તથા મનઃપર્યયજ્ઞાન તો મુનિને જ હોય છે, નીચલી દશામાં હોતાં નથી. જ્યારે તીર્થંકર થવાવાળો જીવ માતાના ગર્ભમાં આવે છે ત્યારે તે દેશઅવધિજ્ઞાન સહિત જ હોય છે.

આ જે મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય એ ચાર સમ્યગ્જ્ઞાન કહ્યાં તે આત્માની ભાવનાવવાળા સમ્યગ્દષ્ટિ જીવોને જ હોય છે, તેમાં મતિ અને શ્રુત તો બધા જ સમ્યગ્દષ્ટિઓને હોય છે. આત્માના ભાન વગરના મિથ્યાદષ્ટિ જીવને સમ્યગ્જ્ઞાન હોતાં નથી, પણ તેને મિથ્યાજ્ઞાન અર્થાત્ કુજ્ઞાન હોય છે, તેના કુમતિ, કુશ્રુત અને કુઅવધિ અર્થાત્ વિભંગ અવધિ એવા ત્રણ ભેદ છે. (ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૬ થી ચાલુ)

અંતરમાં તદ્રૂપ થઈને પર્યાયમાં શુદ્ધતા થયા વગર દ્રવ્ય-ગુણની શુદ્ધતાને ઓળખી કોણે ? ઓળખવારૂપ કામ તો પર્યાયમાં થાય છે. આ રીતે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે એકરૂપ થઈને શુદ્ધ જ્ઞાનભાવરૂપે પરિણમ્યા ત્યારે આત્મા 'શુદ્ધ' થયો, ત્યારે જ્ઞાનની સેવા થઈ, ત્યારે જ જ્ઞાનીની પરમાર્થ ઉપાસના થઈ, ત્યારે ધર્મની ક્રિયા થઈ, ને મોક્ષમાર્ગ થયો. આ રીતે જ્ઞાનની સેવા વડે શુદ્ધ આત્માની સિદ્ધિ થાય છે. (ક્રમશઃ)

**ઉત્પાદ, વ્યય ને ધ્રુવતા જીવપુદ્ગલાત્મક લોકને**
**પરિણામ દ્વારા, ભેદ વા સંઘાત દ્વારા થાય છે. ૧૨૯. –શ્રી પ્રવચનસાર**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

આ સંસાર ભાવનાનું સ્વરૂપ છે. સંસાર ભાવના એટલે શું? કાંઈ સંસારની ભાવના કરવી તેની વાત નથી, પણ સંસારની ચારે ગતિમાં દુઃખ છે, સંસારનો ભાવ દુઃખદાયક છે અને સુખ તો આત્મામાં છે—એમ ભાન કરીને સંસારને દુઃખરૂપ વિચારવો તેનું નામ સંસાર ભાવના છે. જેને ભવરહિત સ્વભાવની ભાવના પ્રગટી હોય તેને જ સંસાર ભાવના યથાર્થ હોય છે.

અહો! નરકાદિમાં તો દુઃખ છે, પણ વિષયોની તૃષ્ણાને લીધે સ્વર્ગના દેવો પણ દુઃખી છે. આનંદસ્વરૂપ આત્માનો વિષય જેને પ્રગટ્યો નથી, તેઓ બાહ્ય વિષયોની તૃષ્ણાથી દુઃખી જ છે. મોટા-મોટા દેવો પણ બહારના સંયોગથી સુખી નથી, તેઓ પણ બહારના વિષયોની તૃષ્ણાથી આકુળ-વ્યાકુળ છે. સ્વભાવનું ભાન અને ભાવના હોય તે જ જીવો સુખી છે. જેને સ્વભાવનું ભાન અને ભાવના ન હોય તે બહારના વિષયોની ક્યાંક તો ભાવના કરશે જ. અજ્ઞાની જીવ પોતાના સ્વભાવની ભાવના છોડીને સંયોગની ભાવના કરે છે, પણ સંયોગ તો છૂટી જાય છે. પર્યાયને અંતર્મુખ કરીને તે પર્યાય વડે ચિદાનંદસ્વભાવની ભાવના કરે તો તેનો કદી વિયોગ ન થાય. બાહ્ય વિષયોને આધીન જેણે સુખ માન્યું છે તેને તૃપ્તિ ક્યાંથી થાય? સ્વભાવની દૃષ્ટિ કરે તો પછી તૃષ્ણા મર્યાદિત થઈ જાય—તૃષ્ણા બહુ અલ્પ થઈ જાય, ને જેને સ્વભાવનું ભાન નથી તેને તો એકલા સંયોગની જ ભાવના છે, એટલે તેને તો તૃષ્ણા અપરિમિત છે. અબજો વર્ષ સુધી સ્વર્ગમાં રહેવા છતાં દેવો અતૃપ્તપણે મરે છે. ચૈતન્યસ્વભાવના ભાન વિના ક્યાંય તૃપ્તિ થતી નથી. જુગલિયા મનુષ્યો થાય છે તેમને ૩ ગાઉનો દેહ હોય છે ને અબજો-અબજો વર્ષનું આયુષ્ય હોય છે, તેઓ પણ ભોગથી તૃપ્તિ પામતા નથી ને વિષયતૃષ્ણાથી દુઃખી જ છે. જ્યાં સ્વર્ગના મોટી મોટી ઋદ્ધિવાળા દેવો પણ વિષયતૃષ્ણાથી દુઃખી જ છે, ત્યાં બીજાની તો શું વાત?

इट्ठविओगे दुक्खं होदि महड्ढीण विसयतण्हादो ।
विसयवसादो सुक्खं जेसिं तेसिं कुदो तित्ती ।।५६।।

જે લિંગથી દ્રવ્યો મહીં 'જીવ' 'અજીવ' એમ જણાય છે,
તે જાણ મૂર્ત-અમૂર્ત ગુણ, અતત્પણાથી વિશિષ્ટ જે. ૧૩૦. —શ્રી પ્રવચનસાર

**અર્થ :—**મહર્દ્ધિકદેવોને વિષય તૃષ્ણાથી ઈષ્ટ ઋદ્ધિ અને દેવાંગના આદિનો વિયોગ થાય છે તે સંબંધી દુઃખ થાય છે. જેમને વિષયાધીન સુખ છે તેમને તૃપ્તિ ક્યાંથી થાય ? તૃષ્ણા વધતી જ રહે છે. ૫૯.

જુઓ, અહીં તો સ્વભાવદૃષ્ટિની વાત છે. ત્રિકાળી સ્વભાવ સ્વતંત્ર છે, વર્તમાન પર્યાય સ્વતંત્ર છે, સંયોગ સ્વતંત્ર છે. ત્યાં ધર્મીને સ્વભાવ ઉપર દૃષ્ટિ પડી છે એટલે પર્યાયની કે સંયોગની હીનતા-અધિકતા દેખીને તેને ખેદ કે ચિંતાનું દુઃખ થતું નથી. મોટા-મોટા દેવોને પણ બહારની ઈષ્ટઋદ્ધિનો વિયોગ થતાં દુઃખ થાય છે. ધર્મીએ તો અંદરમાં ચૈતન્યસ્વભાવની ઋદ્ધિને જ ઈષ્ટ માની છે, બહારની ઋદ્ધિને તેણે પોતાની માની નથી. એટલે બહારની સામગ્રીનો વિયોગ થતાં તેને અજ્ઞાની જેટલું દુઃખ થતું નથી, અલ્પ રાગ હોય તેનું જરાક દુઃખ લાગે—તેની અહીં ગણતરી નથી. જેમ અગ્નિમાં લાકડાં નાખવાથી તે ઓલવાય નહિ-બુઝાય નહિ, પણ વધુ સળગે, તેમ વિષયો તરફની લાગણી તે દુઃખદાયક છે, વિષયો તરફના વલણથી તે દુઃખ ટળતું નથી, પણ અંદરના સ્વભાવ તરફનું વલણ કરે તો તે દુઃખ ટળે છે. અજ્ઞાની જીવ તો સ્વભાવની બુદ્ધિ ચૂકીને બહારમાં વિષયોની તૃષ્ણાથી સદા દુઃખી જ છે ને જ્ઞાની તો સ્વભાવની ભાવના ભાવતો આખા સંસારને દુઃખરૂપે જાણે છે, એવા ધર્મીને યથાર્થ સંસાર ભાવનાનું ચિંતવન હોય છે.

દેવોને શારીરિક દુઃખ નથી પણ માનસિક દુઃખ છે, પણ શારીરિક દુઃખ કરતાં પણ માનસિક દુઃખ તીવ્ર છે; તે કહે છે :

**सारीरियदुक्खादो माणसदुक्खं हवेइ अइपउरं ।**
**माणसदुक्खजुदस्स हि विसया वि दुहावहा हुंति ।।६०।।**

**અર્થ :—**કોઈ સમજે કે શરીરસંબંધી દુઃખ મોટું છે અને માનસિક દુઃખ અલ્પ છે, તેને અહીં કહે છે કે શારીરિક દુઃખથી માનસિક દુઃખ ઘણું તીવ્ર છે–મોટું છે; જુઓ, માનસિક દુઃખ સહિત પુરુષને અન્ય ઘણા વિષયો હોય તોપણ તે દુઃખદાયક ભાસે છે. ૬૦.

જેને વિષયો મળ્યા તે તેને ભોગવવાની તૃષ્ણાથી દુઃખી છે ને જેને ન મળ્યા હોય તે તેને મેળવવાની ઈચ્છાથી દુઃખી છે. ધર્મીને તો સ્વભાવનું ભાન છે, એટલે સંયોગની ભાવના નથી પણ અજ્ઞાનીને તો સંયોગની ભાવના છે, બહારમાં ઘણા અનુકૂળ સંયોગ પડ્યા હોય, પણ અંદર જ્યાં મનમાં બીજી કલ્પના થઈ ગઈ—તો તે દુઃખી જ છે.

ગુણ મૂર્ત ઇન્દ્રિયગ્રાહ્ય તે પુદ્‌ગલમયી બહુવિધ છે;
દ્રવ્યો અમૂર્તિક જેહ તેના ગુણ અમૂર્તિક જાણજે. ૧૩૧. –શ્રી પ્રવચનસાર

ચૈતન્યસ્વભાવ શક્તિરૂપ પડ્યો છે તેની ભાવના કરતો નથી ને જે સંયોગ નથી તેને મેળવવાની ભાવના કરે છે–તે જીવ મૂઢ છે, તેને આત્માના સ્વભાવનો વિશ્વાસ નથી, ચૈતન્યસ્વભાવ સુખથી ભરેલો છે, તેનો વિશ્વાસ કરીને તેની જેટલી ભાવના કરે તેટલું સુખ પ્રગટે. સંયોગમાં ગમે તેટલી ભાવના કરે તો તેમાંથી કદી સુખ આવવાનું નથી, પણ તે તૃષ્ણાથી દુઃખ જ છે. જે સ્વભાવ સ્વયં અસ્તિરૂપ છે તેનો ભરોસો કરતો નથી અને જે સંયોગો પોતામાં નાસ્તિરૂપે છે તેનો ભરોસો કરીને તેમાંથી સુખ લેવા માગે છે, તેથી તે મિથ્યાદૃષ્ટિ જડની ભાવના ભાવે છે.

કોઈ એમ ભાવના ભાવે કે—મને ઘણા પૈસા મળે તો હું દાન કરું! તો તે પણ સંયોગની જ ભાવના ભાવનારો મિથ્યાદૃષ્ટિ છે. અરે ભાઈ! સંયોગ આવે અને દાન કરું—એવી ભાવના કરવા કરતાં વર્તમાનમાં જ સ્વભાવની ભાવના કરીને સંયોગની તૃષ્ણાને ઘટાડને! વર્તમાનમાં દાનનો ભાવ થયો તે બીજી ક્ષણે થયા કરે એવી ભાવના પણ જ્ઞાનીને નથી. અરે ભાઈ! તું વર્તમાનમાં તૃષ્ણા ઘટાડ. રાગ કે સંયોગ બીજી ક્ષણે રહેજો—એવી ભાવના જ્ઞાનીને હોતી નથી. બહારનો સંયોગ તો તેના ક્રમે આવવાનો હશે તો આવશે, પણ તું તારી રુચિને અંતરમાં વાળીને સ્વભાવની ભાવના કર.

વસ્તુસ્વરૂપને સમજવું જોઈએ કે કઈ ભાવના ભાવવાથી મને સુખ છે? ને કઈ ભાવના ભાવવાથી દુઃખ છે? સ્વભાવની ભાવના ભાવવી તે જ સુખ છે ને બહારના સંયોગની ભાવના ભાવવી તે દુઃખ છે. બહિર્મુખ વલણથી જેટલી લાગણી થાય તે બધી દુઃખદાયક છે. બહારના સંયોગની ચિંતાથી જીવો બળી રહ્યા છે. ધર્મી તો અંતરના ચૈતન્યસ્વભાવની ઋદ્ધિને જાણીને તેની જ ભાવના કરે છે. અસ્થિરતાના કારણે અલ્પરાગ થાય, તો તેને જાણે છે, પણ તે ગૌણ છે. મિથ્યાદૃષ્ટિ જીવ સ્વભાવને ભૂલીને સંયોગની ભાવનામાં જ મશગૂલ રહ્યા કરે છે. બહારમાં ઘણા સંયોગ હોવા છતાં અંદરમાં ચિંતાથી જીવો દુઃખી છે, ત્યાં બહારના સંયોગો તેને કાંઈ કરતા નથી. આમ જાણીને હે ભાઈ! તું આત્માની ભાવના કર. વારંવાર સ્વભાવની ભાવના કરીને તેમાં જ્ઞાનની એકાગ્રતા કર. સંસારમાં સંયોગની પૂર્ણતા હોય જ નહિ ને સ્વભાવની ભાવના કરે તો પૂર્ણતા થયા વિના રહે જ નહિ. સ્વભાવની ભાવના નથી તેથી જીવોને દુઃખ છે. (ક્રમશઃ)

છે વર્ણ તેમ જ ગંધ વળી રસ-સ્પર્શ પુદ્ગલદ્રવ્યને,
—અતિસૂક્ષ્મથી પૃથ્વી સુધી; વળી શબ્દ પુદ્ગલ, વિવિધ જે. ૧૩૨. –શ્રી પ્રવચનસાર



# મુક્તિમાર્ગનો પથિક જૈની

(સત્તાસ્વરૂપ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

બાહ્ય જૈની કેવો હોય તે અત્યારે કહેવાય છે અને સવારે સમયસારજીમાં અંતર જૈની કેવા હોય તે કહેવાય છે. જેણે પોતાના આત્માના સ્વભાવના બળ વડે પોતાની પૂર્ણદશારૂપ પરમાનંદ સ્વરૂપ પ્રગટ કર્યું છે એવા વીતરાગ જિનદેવને બાહ્ય લક્ષણો વડે ઓળખાણ પૂર્વક માનનાર બાહ્ય જૈની છે અને અંતરના પોતાના વીતરાગ સ્વરૂપની શ્રદ્ધા કરે તે અંતર જૈની છે.

પ્રશ્ન :—અંતરંગ સ્વરૂપ માને અને બહારમાં દેવ-ગુરુને ન માને તો તે કેવા કહેવાય?

ઉત્તર :—તે કાં તો વીતરાગ હોય અને કાં તો તદ્દન મૂઢ હોય.

પ્રશ્ન :—બહારનું ન માને તે બધા વીતરાગ હોય?

ઉત્તર :—બહારનું ન માનનારના બે પ્રકાર છે : એક તો અરિહંત વીતરાગદેવ અને બીજો અજ્ઞાની મૂઢ જીવ. તેમાં સર્વજ્ઞ અરિહંતદેવ અંતરંગ જ્ઞાનપણે સંપૂર્ણ વીતરાગ છે અને અજ્ઞાની અજ્ઞાનપણે સંપૂર્ણ રાગી છે.

પોતાના અંતરંગ સ્વરૂપનું ભાન કરવું તે અભ્યંતર જૈનપણું છે; તે જૈનપણું પ્રગટ્યા વગર વીતરાગતા આવી શકે નહિ, અને અંતરંગ જૈનપણું પ્રગટ્યા પછી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી વચ્ચે દેવ-ગુરુ-ધર્મની ભક્તિ, પ્રભાવના વગેરેનો શુભરાગ આવે.

આ તો સર્વજ્ઞ ભગવાનનું શાસન છે; એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણનાર જાગતી ચૈતન્યજ્યોતમય સર્વજ્ઞદેવનો પ્રકાશેલો આ માર્ગ છે. તેમાં બીજું ચાલે તેમ નથી. અંતરંગ સ્વરૂપની શ્રદ્ધા કરીને અંતર જૈની બને તેની તો વાત જ શી? એ તો જિનેશ્વરદેવનો લઘુનંદન થઈ ગયો. અંતર જૈનપણું એ તો અપૂર્વ છે, પણ અહીં તો હજી બાહ્ય જૈની ક્યારે બને તે વાત ચાલે છે; બાહ્ય જૈની થયા વગર અંતર જૈની કોઈ થઈ

> અવગાહ ગુણ આકાશનો, ગતિહેતુતા છે ધર્મનો,
> વળી સ્થાનકારણતારૂપી ગુણ જાણ દ્રવ્ય અધર્મનો. ૧૩૩. —શ્રી પ્રવચનસાર

શકે નહીં. કુદેવાદિને છોડીને સાચા દેવાદિની ભક્તિ, તન, મન, ધનથી ન કરે તે તો બાહ્ય જૈની પણ નથી. સાચા દેવ-ગુરુ-ધર્મ મળવા અનંતકાળે પણ દુર્લભ છે. તે બાહ્ય નિમિત્તો છે, છતાં પ્રથમ બાહ્ય સાચા નિમિત્તોની શ્રદ્ધા, ભક્તિ આવ્યા વગર અંતરના ઉપાદાન સ્વરૂપની શ્રદ્ધા થઈ શકે નહિ.

પ્રશ્ન :—સવારે આપે જ કહ્યું હતું કે દેવ-ગુરુ-શાસ્ત્ર કોઈને સમજાવી દેતા નથી ?

ઉત્તર :—એ બરાબર છે; પણ 'નિમિત્ત નથી' એમ કોણે કહ્યું ? સત્ સમજવા માટે સત્‌દેવ-ગુરુ-શાસ્ત્રનું જ નિમિત્ત હોય, પણ નિમિત્ત પરને કાંઈ કરતું નથી. સત્‌માં સત્ નિમિત્તો આવ્યા વગર રહે નહિ. પ્રથમ જો સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખીને તેમને નિમિત્ત તરીકે ન સ્વીકારે તો બાહ્ય જૈનપણું પણ નથી. વીતરાગ પ્રત્યે રુચિ પણ તેને થઈ નથી.

હે નાથ ! હે દેવ ! તારી ભક્તિ પાસે અમને ઈન્દ્રપદ, કામધેનુ ગાય, ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ કે ચક્રવર્તીના રાજ્ય એ બધું સડેલા તરણા સમાન લાગે છે—આવા ભાવપૂર્વક અરિહંતદેવની ભક્તિ ગણધરો અને ઈન્દ્રો પણ કરે છે. તેઓને આત્માનું ભાન છે પણ હજી પૂર્ણદશા થઈ નથી તેથી વચ્ચે શુભરાગ આવી જાય છે. અંતરમાં તેઓ સમજે છે કે આ શુભરાગ છે તે મારું સ્વરૂપ નથી, આ શુભરાગ ટાળીશ ત્યારે વીતરાગતા થશે. આ રીતે દેવ-ગુરુ-ધર્મ તરફનો શુભરાગ આવ્યા વગર રહેતો નથી, પણ તે શુભરાગથી ધર્મ થતો નથી.

ત્રણલોકના નાથ કે જેને વિચિક્ષણજ્ઞાન (કેવળજ્ઞાન) પ્રગટ્યું છે તેઓ અને તેમના અનુયાયીઓ સિવાય ત્રણકાળમાં કોઈએ સત્ કહ્યું નથી અને કહી શકશે પણ નહીં; એવા વીતરાગદેવના શ્રદ્ધા-જ્ઞાન જેઓ કરતા નથી અને ક્રિયા પણ સુધારતા નથી એટલે કે રાગની દિશા બદલાવતા નથી તેઓ તો વ્યવહારે પણ જૈન નથી. *(ક્રમશઃ)*

છે કાળનો ગુણ વર્તના, ઉપયોગ ભાખ્યો જીવમાં,
એ રીત મૂર્તિવિહીનના ગુણ જાણવા સંક્ષેપમાં. ૧૩૪. —શ્રી પ્રવચનસાર

# શ્રાવકને દાનનું ફળ

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

ધર્માત્માને શુદ્ધતાની સાથેના શુભથી ઊંચા પુણ્ય બંધાય છે પણ એની નજર તો આત્માની શુદ્ધતાને સાધવા ઉપર છે. જે જીવ સમ્યગ્દર્શન કરે નહિ ને એકલા શુભરાગથી જ મોક્ષ થવાનું માનીને તેમાં અટકી રહે તે કાંઈ મોક્ષ પામે નહિ, તેને તો શ્રાવકપણું ય સાચું ન હોય.....સામો જીવ ધર્મની આરાધના કરી રહ્યો હોય તેને જોતાં ધર્મીને તેના પ્રત્યે પ્રમોદ આવે કેમકે પોતાને આરાધનાનો તીવ્ર પ્રેમ છે.

સર્વજ્ઞદેવે કહેલા વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે, તે ઉપરાંત મુનિદશાની ભાવના હોવા છતાં જે હજી મહાવ્રત અંગીકાર કરી શકતો નથી તેથી શ્રાવકધર્મરૂપ દેશવ્રતનું પાલન કરે છે, એવા જીવને આહારદાન, ઔષધદાન, શાસ્ત્રદાન, અભયદાન—એ ચાર પ્રકારના દાનનો ભાવ આવે છે તેનું વર્ણન કર્યું; હવે તે દાનનું ફળ બતાવે છે—

(शार्दूलविक्रीडित)

आहारात्सुखितौषधादतितरां निरोगता जायते
शास्त्रात्पात्र निवेदितात्परभवे पाण्डित्यमत्यद्भुतम्।
एतत्सर्वगुणप्रभापरिकरः पुंसोऽभयात्दानतः
पर्वन्ते पुनरोन्नतोन्नपदं प्राप्तिर्विमुक्तिस्ततः ॥१२॥

અર્થ :—પાત્રને આપવામાં આવેલા આહારના નિમિત્તે બીજા જન્મમાં સુખ, ઔષધના નિમિત્તે અતિશય નીરોગતા, અને શાસ્ત્રના નિમિત્તે આશ્ચર્યજનક વિદ્વત્તા પ્રાપ્ત થાય છે. અભયદાનથી પુરુષને આ બધા જ ગુણોનો સમૂહ પ્રાપ્ત થાય છે તથા અંતે ઉન્નત ઉન્નત પદો (ઈન્દ્ર અને ચક્રવર્તી આદિ)ની પ્રાપ્તિપૂર્વક મુક્તિ પણ પ્રાપ્ત થઈ જાય છે. ૧૨.

ઉત્તમ વગેરે પાત્રોને આહારદાન દેવાથી પરભવમાં સ્વર્ગાદિ સુખની પ્રાપ્તિ થાય છે, ઔષધદાનથી અતિશય નીરોગતા તથા સુંદર રૂપ મળે છે, શાસ્ત્રદાનથી અત્યંત

જીવદ્રવ્ય, પુદ્‌ગલકાય, ધર્મ, અધર્મ વળી આકાશને
છે સ્વપ્રદેશ અનેક, નહિ વર્તે પ્રદેશો કાળને. ૧૩૫. –શ્રી પ્રવચનસાર

અદ્‌ભુત પાંડિત્ય પ્રગટે છે અને અભયદાનથી જીવને આ બધા ગુણોના પરિવાર પ્રાપ્ત થાય છે; તથા ક્રમેક્રમે ઉન્નત ઉન્નત પદવીની પ્રાપ્તિપૂર્વક તે મોક્ષને પામે છે.

જુઓ, આ દાનનું ફળ ! શ્રાવકધર્મના મૂળમાં જે સમ્યગ્દર્શન રહેલું છે તે લક્ષમાં રાખીને આ વાત સમજવાની છે. સમ્યક્ત્વની ભૂમિકામાં દાનાદિના શુભ રાગથી એવા ઊંચા પુણ્ય બંધાય છે કે ઈન્દ્રપદ, ચક્રવર્તીપદ વગેરે પામે છે; અને તે પુણ્યના ફળમાં હેયબુદ્ધિ છે એટલે તે રાગ તોડીને, વીતરાગ થઈને મોક્ષ પામશે. આ અપેક્ષાએ ઉપચાર કરીને દાનના ફળમાં આરાધક જીવને મોક્ષની પ્રાપ્તિ કહી દીધી. પણ જે જીવ સમ્યગ્દર્શન કરે નહિ ને એકલા શુભરાગથી જ મોક્ષ થવાનું માની તેમાં અટકી રહે, તે કાંઈ મોક્ષ પામે નહિ, તેને તો શ્રાવકપણુંય સાચું ન હોય. દાનના ફળમાં પુણ્યથી સ્વર્ગનાં સુખ, નીરોગ–રૂપાળું શરીર, ચક્રવર્તીના વૈભવ વગેરે મળે તેમાં ક્યાંય જ્ઞાનીને સુખબુદ્ધિ નથી, અંતરના ચૈતન્યસુખને પ્રતીતમાં ને આસ્વાદમાં લીધું છે, એ સિવાય બીજે ક્યાંય સુખ ભાસતું નથી. દાનના ફળમાં કોઈને એવી ઋદ્ધિ પ્રગટે કે એના શરીરના નાવણનું પાણી છાંટતાં બીજાના રોગ મટી જાય ને મૂર્છા ઉતરી જાય. શાસ્ત્રદાનથી જ્ઞાનાવરણનો ક્ષયોપશમ થાય ને આશ્ચર્યકારી બુદ્ધિ ખીલે. જુઓને, ગોવાળના ભવમાં શાસ્ત્રદાન દઈને જ્ઞાનનું બહુમાન કર્યું તો આ ભવમાં કુંદકુંદાચાર્યદેવને કેવું શ્રુત પ્રગટ્યું ! ને કેવી લબ્ધિ પ્રગટી ! એ તો જ્ઞાનના અગાધ દરિયા હતા; તીર્થંકર ભગવાનની સાક્ષાત્ દિવ્યધ્વનિ આ પંચમકાળે તેમને સાંભળવા મળી. માંગળિકના શ્લોકમાં મહાવીર ભગવાન અને ગૌતમગણધર પછી मंगलं कुन्दकुन्दार्यो કહીને ત્રીજું તેમનું નામ લેવાય છે. દેવ-ગુરુ-શાસ્ત્રના અનાદરથી જીવને તીવ્ર પાપ બંધાય છે, ને દેવ-ગુરુ-શાસ્ત્રના બહુમાનથી જીવને જ્ઞાનાદિ ખીલે છે. જેમ દાણાની સાથે ઘાસ તો સહેજે પાકે છે, પણ સારો ખેડૂત કાંઈ ઘાસને માટે વાવણી નથી કરતો, એની નજર તો અનાજ ઉપર છે. તેમ ધર્માત્માને શુદ્ધતાની સાથેના શુભથી ઊંચા પુણ્ય બંધાય છે ને ચક્રવર્તી આદિ ઊંચી પદવી સહેજે મળે છે. પણ એની નજર તો આત્માની શુદ્ધતા સાધવા ઉપર છે, પુણ્ય કે તેનાં ફળની આકાંક્ષા એને નથી. જેને પુણ્યના ફળની વાંછા છે એવા મિથ્યાદૃષ્ટિને તો ઊંચા પુણ્ય બંધાતા નથી. ચક્રવર્તી વગેરે ઊંચી પદવીને યોગ્ય પુણ્ય મિથ્યાદૃષ્ટિની ભૂમિકામાં બંધાતા નથી. સમ્યગ્દર્શન વગરનો જીવ, મુનિરાજ વગેરે ! ઉત્તમ પાત્રને આહારદાન આપે કે અનુમોદના કરે તો તેના ફળમાં તે ભોગભૂમિમાં

**લોકે અલોકે આભ, લોક અધર્મ-ધર્મથી વ્યાપ્ત છે,**
**છે શેષ-આશ્રિત કાળ, ને જીવ-પુદ્‌ગલો તે શેષ છે. ૧૩૬. –શ્રી પ્રવચનસાર**


ઊપજે છે, ત્યાં અસંખ્ય વર્ષનું આયુષ્ય હોય છે ને દશવિધ કલ્પવૃક્ષ એને પુણ્યનાં ફળ આપે છે. ઋષભદેવ વગેરેના જીવે પૂર્વે મુનિઓને આહારદાન દીધેલું તેથી ભોગભૂમિમાં જન્મ્યા હતા, ને ત્યાં મુનિના ઉપદેશથી સમ્યગ્દર્શન પામ્યા હતા. શ્રેયાંસકુમારે ઋષભદેવ ભગવાનને આહારદાન કર્યું તેનો મહિમા તો પ્રસિદ્ધ છે.

આવા ભક્તિ-પૂજા-આહારદાન વગેરે શુભભાવ શ્રાવકોને હોય છે, એવી જ એની ભૂમિકા છે. દૃષ્ટિમાં તો અત્યારથી જ તે રાગને હેય કર્યો છે એટલે દૃષ્ટિના બળે અલ્પકાળમાં ચારિત્ર પ્રગટ કરી, રાગને સર્વથા છોડીને તે મુક્તિ પામશે.

સામો જીવ ધર્મની આરાધના કરી રહ્યો હોય તેને જોતાં ધર્મીને તેના પ્રત્યે પ્રમોદ—બહુમાન ને ભક્તિનો ભાવ ઉલ્લસે છે, કેમકે પોતાને તેવી આરાધનાનો તીવ્ર પ્રેમ છે. એટલે તેના પ્રત્યે ભક્તિથી (—હું તેના ઉપર ઉપકાર કરું છું એવી બુદ્ધિથી નહિ પણ આદરપૂર્વક) શાસ્ત્રદાન, આહારદાન વગેરે ભાવ આવે છે, એ બહાને પોતે પોતાનો રાગ ઘટાડે છે ને આરાધનાની ભાવના પુષ્ટ કરે છે. જુઓ, આ તો વીતરાગી સંતે વસ્તુસ્વરૂપ પ્રગટ કર્યું છે,—જેઓ અત્યંત નિસ્પૃહ હતા, જેમને કાંઈ પરિગ્રહ ન હતો, જેમને જગત પાસેથી કાંઈ લેવું ન હતું. ધર્મી જીવ નિસ્પૃહ હોય છે, એને પણ કોઈ પાસેથી લેવાની કામના નથી. લેવાની વૃત્તિ તે તો પાપ છે. ધર્મી જીવ તો દાનાદિ વડે રાગ ઘટાડવા માગે છે. કોઈ ધર્મીને વિશેષ પુણ્યથી વધારે વૈભવ પણ હોય, તેથી કરીને કાંઈ તેને વધારે રાગ છે—એમ નથી. રાગનું માપ સંયોગ ઉપરથી નથી. અહીં તો ધર્મની નીચલી ભૂમિકામાં (શ્રાવકદશામાં) ધર્મ કેટલો હોય, રાગ કેવો હોય ને તેનું ફળ કેવું હોય તે બતાવ્યું છે. ત્યાં જેટલી વીતરાગતા થઈ છે તેટલો ધર્મ છે ને તેનું ફળ તો આત્મશાંતિનું વેદન છે; સ્વર્ગાદિ વૈભવ મળે તે કાંઈ વીતરાગભાવરૂપ ધર્મનું ફળ નથી, એ તો રાગનું ફળ છે. કોઈ જીવ અહીં બ્રહ્મચર્ય પાળે ને સ્વર્ગમાં એને અનેક દેવીઓ મળે,—તો શું બ્રહ્મચર્યના ફળમાં દેવી મળી ? ના, બ્રહ્મચર્યમાં જેટલો રાગ ટળ્યો ને વીતરાગભાવ થયો તેનું ફળ તો આત્મામાં છે, પણ હજી તે પૂર્ણ વીતરાગ થયો નથી એટલે અનેક પ્રકારનો શુભ ને અશુભ રાગ બાકી રહી ગયો છે; હવે ધર્મીને જે શુભરાગ બાકી રહી ગયો છે તેના ફળમાં તે ક્યાં જશે ? શું નરકાદિ હલકી ગતિમાં જશે ? ના; એ તો દેવલોકમાં જ જાય. એટલે દેવલોકની પ્રાપ્તિ તે રાગનું ફળ છે, ધર્મનું નહિ. અહીં

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૯ ઉપર)

**જે રીત આભ-પ્રદેશ, તે રીત શેષદ્રવ્ય-પ્રદેશ છે;**
**અપ્રદેશ પરમાણુ વડે ઉદ્‌ભવ પ્રદેશ તણો બને. ૧૩૭.　　　—શ્રી પ્રવચનસાર**




## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

### વચનામૃત–૨૧

ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ–દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના—એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. જો ન ફળે તો જગતને—ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે, અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય. પરંતુ એમ બને જ નહિ. ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે—એવો જ વસ્તુનો સ્વભાવ છે. આ અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે. ૨૧.

**'ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે—એવો જ વસ્તુનો સ્વભાવ છે.'**

પાપ કર્યાં હોય તો નરક-નિગોદ, પુણ્ય કર્યાં હોય તો સ્વર્ગ-આદિ ને ચૈતન્યના પરિણામ કર્યા હોય તો મુક્તિ;—કુદરતમાં એનું ફળ આવ્યા વગર રહે જ નહિ. બીજ ઊગી તે પૂનમ થયા વિના રહે જ નહિ; તેમ જેને ચૈતન્યની ભાવના પ્રગટી તેને મોક્ષ થયા વિના રહે જ નહિ. આ, બેનના શબ્દો છે.

જેવા પુણ્ય, પાપ ને ધર્મના પરિણામ કરે તેના પ્રમાણમાં એનું ફળ જગતમાં આવે—એમ આત્માના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે—ચૌદ બ્રહ્માંડ સંકળાયેલું છે. માંસ વગેરે ખાવાના પાપપરિણામ કરે ને નરકમાં ન જાય તો નરક જ રહી શકે નહિ, પુણ્યના પરિણામ કર્યા ને સ્વર્ગ ન મળે તો સ્વર્ગ જ રહી શકે નહિ અને આત્માના શુદ્ધ પરિણામ કર્યા ને મુક્તિ ન મળે તો તે સિદ્ધગતિ રહી શકે નહિ—એ રીતે જગતને શૂન્ય થવું પડે. પરંતુ એમ બને જ નહિ. આત્માના પરિણામ સાથે કુદરતનો મેળ છે—એવો જ વસ્તુનો સ્વભાવ છે.

**'આ અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે.'**

પરિણામનું ફળ ન આવે તો અનંતા તીર્થંકરોએ કહેલી વાત ખોટી પડે. પાપના પરિણામ કરે તો નરક-નિગોદ મળે, પુણ્યના પરિણામ કરે તો સ્વર્ગ-મનુષ્યપણું મળે—પછી ભલે રખડે ચાર ગતિમાં—અને આત્માના શુદ્ધ પરિણામ કરે તો મુક્તિ મળે;—એ, અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે.

> **છે કાળ તો અપ્રદેશ; એકપ્રદેશ પરમાણુ યદા**
> **આકાશદ્રવ્ય તણો પ્રદેશ અતિક્રમે, વર્તે તદા. ૧૩૮. –શ્રી પ્રવચનસાર**

બેન તો તીર્થંકર પાસે હતા. મહાવિદેહમાં (સીમંધર) ભગવાન બિરાજે છે એમની પાસે હતા. ત્યાં (પુરુષ-મિત્રપણે) અમારી સાથે હતા. અમે ક્યાંથી આવ્યા ને ક્યાં જવાના તે અંદરથી નક્કી થઈ ગયું છે. મહાવિદેહમાંથી આવ્યા છીએ. ત્યાં સીમંધરપ્રભુ સમવસરણમાં બિરાજે છે. ત્યાં હું રાજકુમાર તરીકે હતો. હાથી, ઘોડા ને અબજોની પેદાશ હતી. વિક્રમ સંવત ૪૯ માં શ્રી કુંદકુંદાચાર્યદેવ અહીંથી મહાવિદેહમાં ગયા હતા ત્યારે હું પણ હાથીના હોદ્દે દર્શન કરવા ગયેલો. ઝીણી વાત છે.

બેન ત્યાં શેઠના દીકરા હતા. ત્યાંથી અમે આવ્યા છીએ. અમારી વાતો ઝીણી છે; અમારા મોઢે અમારી વાત કહેવી શોભે નહિ. અહીંથી સ્વર્ગમાં જવાના છીએ—અહીંથી દેવ થવાના છીએ. (ત્યાર પછી) બીજા ભવમાં તીર્થંકરના પુત્ર તરીકેનો (મારો) અવતાર છે. ત્રીજા ભવમાં (અહમિન્દ્રનું) સ્વર્ગ છે. ચોથા ભવમાં (ધાતકીખંડના વિદેહક્ષેત્રમાં) તીર્થંકર થઈને મોક્ષ જવાનો છું.

આવું વ્યાખ્યાન કોઈ વાર આવ્યું નથી. આ તો બેન આમાં બોલ્યાં છે તેથી થોડું કહીએ છીએ. એથી ઝીણી વાતો આઘી છે. તે અમને પ્રત્યક્ષ થઈ ગયેલું છે.

અહીં કહે છે કે—ચૈતન્યના પરિણામમાં ચૈતન્યની પરિપૂર્ણતા આવે એમ અનંતા તીર્થંકરોએ કહ્યું છે. ભગવાન ચૈતન્યસ્વરૂપનો પુણ્ય ને પાપના વિકલ્પોથી રહિત અંતરમાં અનુભવ હોય, દૃષ્ટિ હોય, ભાવના હોય, નિર્વિકલ્પ નિર્મળ દશા હોય, અને પરમાત્મપદ—સાધ્ય—પ્રાપ્ત ન થાય એવું ત્રણ કાળમાં બને નહિ. આ, અનંતા તીર્થંકરોએ કહેલું પરમ સત્ય છે. (ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૧૭ થી ચાલુ)

પુણ્યનું ફળ બતાવીને કાંઈ તેની લાલચ નથી કરાવતા, પણ રાગ ઘટાડવાનો ઉપદેશ આપે છે. જેમ સ્ત્રી, શરીર વગેરે ખાતર અશુભભાવથી શક્તિપ્રમાણે ખર્ચ ઉત્સાહપૂર્વક કરે છે, ત્યાં બીજાએ તેને કહેવું નથી પડતું કે તું આટલું વાપર. તો જેને ધર્મનો પ્રેમ છે તે જીવ પોતાની મેળે ઉત્સાહથી દેવ-ગુરુ-ધર્મની ભક્તિ, પાત્રદાન વગેરેમાં વારંવાર પોતાની લક્ષ્મીનો ઉપયોગ કરે છે,—એમાં કોઈના કહેવાની રાહ નથી જોતો. રાગ તો પોતાને માટે ઘટાડવો છે ને! કાંઈ બીજાની ખાતર રાગ નથી ઘટાડવો. માટે ધર્મીજીવે ચતુર્વિધ દાન વગેરે દ્વારા પોતાનો રાગ ઘટાડવો એવો ઉપદેશ છે. ॥૧૨॥

અનેક પ્રકારના આરંભના પાપથી ભરેલો જે ગૃહસ્થાશ્રમ, તેમાં પાપથી બચવા માટે દાન એ મુખ્ય કાર્ય છે, તેનો ઉપદેશ હવેની છ ગાથામાં આપે છે.

# શ્રાવકોનું પ્રથમ કર્તવ્ય

શ્રી રત્નકરંડ–શ્રાવકાચારમાં કહ્યું છે કે :–

न सम्यत्वसमं किञ्चित्त्रैकाल्ये त्रिजगत्यपि।
श्रेयोऽश्रेयश्च मिथ्यात्वसमं नान्यत्तनूभृताम्॥३४॥

અર્થ :–સમ્યગ્દર્શન સમાન આ જીવને ત્રણકાળ, ત્રણલોકમાં બીજું કોઈ કલ્યાણરૂપ નથી અને મિથ્યાત્વસમાન બીજું કોઈ અકલ્યાણ નથી.

ભાવાર્થમાં કહ્યું છે કે–અનંતકાળ તો વીતી ગયો, એક સમય વર્તમાન ચાલે છે અને ભવિષ્યમાં અનંતકાળ આવશે–એ ત્રણે કાળમાં અને અધોલોક, મધ્યલોક તથા ઊર્ધ્વલોક–એ ત્રણે લોકમાં જીવને સર્વોત્કૃષ્ટ ઉપકાર કરનાર સમ્યક્ત્વ સમાન બીજું કોઈ છે નહિ, થયું નથી, થશે નહિ. ત્રણલોકમાં રહેલા એવા તીર્થંકર, ઈન્દ્ર, અહમિન્દ્ર, ભુવનેન્દ્ર, ચક્રવર્તી, નારાયણ, બલભદ્ર વગેરે ચેતન, તેમ જ મણિ, મંત્ર, ઔષધ વગેરે જડ, એ કોઈ દ્રવ્ય સમ્યક્ત્વ સમાન ઉપકાર કરનાર નથી; અને આ જીવનું સૌથી મહાન અહિત–બૂરું જેવું મિથ્યાત્વ કરે છે એવું અહિત કરનાર કોઈ ચેતન કે અચેતન દ્રવ્ય ત્રણકાળ, ત્રણલોકમાં થયું નથી, છે નહિ, થશે નહિ. તેથી મિથ્યાત્વને છોડવા માટે પરમ પુરુષાર્થ કરો. સમસ્ત સંસારના દુઃખનો નાશ કરનાર, આત્મકલ્યાણ પ્રગટ કરનાર એક સમ્યક્ત્વ છે, માટે તે પ્રગટ કરવાનો જ પુરુષાર્થ કરો!

સમયસાર નાટકમાં કહ્યું છે કે –

''प्रगट हो कि मिथ्यात्व ही आस्त्रव बंध है और मिथ्यात्वका अभाव अर्थात् सम्यक्त्व ही संवर, निर्जरा तथा मोक्ष है।'

જાહેર થાવ કે મિથ્યાત્વ એ જ આસ્રવ-બંધ છે અને મિથ્યાત્વનો અભાવ અર્થાત્ સમ્યક્ત્વ એ જ સંવર, નિર્જરા તથા મોક્ષ છે. (સમયસાર નાટક, નવમો અધિકાર સારાંશ)

જગતના જીવો અનંત પ્રકારનાં દુઃખો ભોગવી રહ્યા છે, તે દુઃખોથી હંમેશને માટે મુક્ત થવા એટલે કે અવિનાશી સુખને મેળવવા તેઓ અહર્નિશ ઉપાયો કરી રહ્યા છે; પણ તેઓના તે ઉપાયો ખોટા હોવાથી દુઃખ મટતું નથી. એક કે બીજા પ્રકારે દુઃખ ચાલ્યા

**તે દેશના અતિક્રમણ સમ છે 'સમય', તત્પૂર્વાપરે**
**જે અર્થ છે તે કાળ છે, ઉત્પન્નધ્વંસી 'સમય' છે. ૧૩૯. –શ્રી પ્રવચનસાર**

જ કરે છે. જો મૂળભૂત ભૂલ ન હોય તો દુઃખ હોય નહિ; અને તે ભૂલ ટળતાં સુખ થયા વગર રહે જ નહિ એવો અબાધિત સિદ્ધાંત છે. તેથી દુઃખ ટાળવા માટે પ્રથમ ભૂલ ટાળવી જોઈએ; એ મૂળભૂત ભૂલ ટાળવા માટે વસ્તુનું સાચું સ્વરૂપ સમજવું જોઈએ.....એટલે કે સમ્યક્ત્વ કરવું જોઈએ.

વસ્તુના સાચા સ્વરૂપ સંબંધી જીવને જો ખોટી માન્યતા ન હોય તો જ્ઞાનમાં ભૂલ થાય નહિ. જ્યાં માન્યતા સાચી હોય ત્યાં જ્ઞાન સાચું જ હોય. સાચી માન્યતા અને સાચા જ્ઞાનપૂર્વક જ કાંઈ વર્તન થાય તે યથાર્થ વર્તન હોય; તેથી સાચી માન્યતા અને સાચા જ્ઞાનપૂર્વક થતા સાચા વર્તન દ્વારા જ જીવો દુઃખથી મુક્ત થઈ શકે છે.

'પોતે કોણ છે', એ સંબંધી જગતના જીવોની મહાન ભૂલ અનાદિથી ચાલી આવે છે. ઘણા જીવો શરીરને પોતાનું સ્વરૂપ માને છે. અથવા તો શરીર પોતાના તાબાની વસ્તુ છે, એમ માને છે. તેથી શરીરની સંભાળ રાખવા તેઓ અનેક પ્રકારે સતત્ પ્રયત્ન કર્યા કરે છે. શરીરને પોતાનું માનતો હોવાથી શરીરની સગવડ જે જડ કે ચેતન પદાર્થો તરફથી મળે છે એમ જીવ માને તે તરફ તેને રાગ થાય જ; અને જે જડ કે ચેતન તરફથી અગવડ મળે છે એમ તે માને તે તરફ તેને દ્વેષ થાય જ. જીવની આ માન્યતા મહાન ભૂલવાળી છે તેથી તેને આકુળતા રહ્યા જ કરે છે.

જીવની આ મહાન ભૂલને શાસ્ત્રમાં મિથ્યાદર્શન કહેવામાં આવે છે. જ્યાં મિથ્યાદર્શન હોય ત્યાં જ્ઞાન અને ચારિત્ર પણ મિથ્યા જ હોય; તેથી મિથ્યાદર્શનરૂપ મહાન ભૂલને મહાપાપ પણ કહેવામાં આવે છે. સર્વ દુઃખોનું મહા બળવાન મૂળિયું તે જ છે.—એવું લક્ષ જીવોને નહિ હોવાથી, તે લક્ષ કરાવવા, અને તે ભૂલ ટાળીને તેઓ અવિનાશી સુખ તરફ પગલાં માંડે એ હેતુથી આચાર્ય ભગવંતોએ સૌથી પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો ઉપદેશ વારંવાર આપ્યો છે. જીવને સાચું સુખ જોઈતું હોય તો તેણે પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરવું જ જોઈએ.

સંસારસમુદ્રથી રત્નત્રયરૂપી જહાજને પાર કરવા માટે સમ્યગ્દર્શન ચતુર ખેવટીઓ—નાવિક છે. જે જીવ સમ્યગ્દર્શન પ્રગટ કરે છે તે અનંત સુખને પામે છે. અને જે જીવને સમ્યગ્દર્શન નથી તે પુણ્ય કરે તો પણ અનંત દુઃખને પામે છે; માટે ખરું સુખ પ્રાપ્ત કરવા જીવોએ તત્ત્વનું યથાર્થ સ્વરૂપ સમજી સમ્યગ્દર્શન પ્રગટ કરવું.

વંદન હો સમ્યક્ત્વને અને સમ્યક્ત્વધારક સન્તોને. ✻

**આકાશ જે અણુવ્યાપ્ય, 'આભપ્રદેશ' સંજ્ઞા તેહને;**
**તે એક સૌ પરમાણુને અવકાશદાનસમર્થ છે. ૧૪૦. –શ્રી પ્રવચનસાર**

# ધર્મના જિજ્ઞાસુઓનું કર્તવ્ય

“અપૂર્વ સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે દરેક જિજ્ઞાસુઓનું પરમ કર્તવ્ય છે.” પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો દ્વારા, “જીવને અપૂર્વ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કેમ થાય” તેનો ઉપાય બતાવીને, જિજ્ઞાસુઓને તેમના પરમ કર્તવ્યની વારંવાર જાગૃતિ.....પ્રેરણા અને ઉત્સાહ આપ્યા કરવો તે આ ‘આત્મધર્મ’નું ધ્યેય છે.

આ અનંત સંસારમાં મનુષ્યપણું પ્રાપ્ત થવું બહુ દુર્લભ છે અને મનુષ્યપણું પામીને આત્માના હિતની બુદ્ધિ જાગવી—સાચી જિજ્ઞાસા જાગવી તે બહુ દુર્લભ છે. આ દુર્લભ મનુષ્યપણું પામીને હવે મારા આત્માનું હિત કેમ થાય ?....એવું શું કર્તવ્ય કરું કે જેથી મારો આત્મા આ ભવદુઃખથી છૂટે ? એ પ્રમાણે અંતરમાં આત્મહિતની વિચારણા કરીને તે માટેની સાચી જિજ્ઞાસા પ્રગટ કરવી જોઈએ. જો આત્મહિતની સાચી જિજ્ઞાસા જાગે તો તે આત્મહિતનો માર્ગ લીધા વિના રહે નહિ. જેને આત્મહિત માટે જિજ્ઞાસા જાગી હોય એવા જિજ્ઞાસુઓનું શું કર્તવ્ય છે તે અહીં રજુ કરવામાં આવ્યું છે.

‘અમે ધર્મ કરીએ છીએ અથવા તો અમારે ધર્મ કરવો છે’ એમ તો ઘણા લોકો વારંવાર કહ્યા કરે છે, પરંતુ ધર્મનું સાચું સ્વરૂપ શું છે અને ધર્મ કઈ રીતે થાય છે—તે તેઓ જાણતા નથી. માત્ર કુળ પરંપરાથી રૂઢિગત ચાલી આવતી ક્રિયાઓને તેઓ ધર્મ માને છે અને તેવી બાહ્યક્રિયાઓ વડે તેઓ પોતાને ધર્મી માની લે છે. વાસ્તવિક ધર્મનું સ્વરૂપ તેઓ સમજતા નથી અને સમજવા માટેની દરકાર પણ કરતા નથી—એવા જીવોને ધર્મના જિજ્ઞાસુ કહી શકાય નહિ.

જેના અંતરમાં એમ ભાવના જાગે કે અરેરે ! અનંતકાળમાં મારા આત્માના હિતને માટે અત્યાર સુધી મેં કાંઈ ન કર્યું. આત્માના હિતનો ઉપાય શું છે એટલે કે ધર્મ શું છે—તેનું સ્વરૂપ મેં ઓળખ્યું નહિ, હવે આ દુર્લભ મનુષ્યભવ પામીને હું એવો ઉપાય કરું કે જેથી મારા આત્માનું હિત થાય.—આવી જિજ્ઞાસાપૂર્વક જે જીવ પોતાના હિતને માટે ધર્મનું સ્વરૂપ સમજવા માગે છે અને તે સમજીને તેની પ્રાપ્તિનો અંતરપ્રયત્ન કરવા માંગે છે—તે જીવ ધર્મનો જિજ્ઞાસુ છે. આત્માનું વાસ્તવિક સ્વરૂપ શું છે, આત્માનો ધર્મ શું છે, અધર્મ શું છે અને તે ધર્મ—અધર્મ શેનાથી થાય છે. તથા દેવ-ગુરુ-શાસ્ત્રનું

વર્તે પ્રદેશો દ્રવ્યને, જે એક અથવા બે અને
બહુ વા અસંખ્ય, અનંત છે; વળી હોય સમયો કાળને. ૧૪૧. —શ્રી પ્રવચનસાર

વાસ્તવિક સ્વરૂપ શું છે—તેનો યથાર્થ નિર્ણય જિજ્ઞાસુઓને સત્સમાગમે જરૂર કરવો જોઈએ. તત્ત્વનો યથાર્થ નિર્ણય કર્યા વગર ધર્મની શરૂઆત થઈ શકતી નથી.

તત્ત્વનો બધા પડખેથી બરાબર નિર્ણય કર્યા પછી અંતર્‌સ્વભાવસન્મુખ થવાના સતત પ્રયત્ન વડે અપૂર્વ સમ્યગ્દર્શન પ્રગટ કરવું—તે દરેક જિજ્ઞાસુનું પરમ કર્તવ્ય છે. તેથી, આ આત્મધર્મમાં ગુરુદેવશ્રીનાં જે પ્રવચનો આપવામાં આવે છે તેમાં મુખ્યપણે 'જીવને અપૂર્વ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કેમ થાય'?—તેનો ઉપાય બતાવવામાં આવે છે. પૂજ્ય ગુરુદેવશ્રીના સર્વ પ્રવચનોનું મધ્યબિંદુ....એટલે કે આખા જૈનશાસનનું મૂળભૂત બીજ.....'સમ્યગ્દર્શન' જ છે. માટે જિજ્ઞાસુઓએ તેનું સ્વરૂપ બરાબર સ્પષ્ટપણે ઓળખીને, તદ્રૂપ પરિણમવાનો અહર્નિશ ઉદ્યમ કરવો તે કર્તવ્ય છે અને જિજ્ઞાસુઓને તેમના આ પરમ કર્તવ્યની વારંવાર જાગૃતિ....પ્રેરણા એ ઉત્સાહ આપ્યા કરવો તે 'આત્મધર્મ'નું ધ્યેય છે. સમ્યગ્દર્શન કહો કે શાશ્વત સુખનો ઉપાય કહો—તેને આ માસિક બતાવતું હોવાથી આ 'આત્મધર્મ'ને 'શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક' કહેવામાં આવે છે.

'ધર્મ' એ સામાન્ય લૌકિક વસ્તુ નથી પરંતુ તે તો અલૌકિક અપૂર્વ ભાવ છે. લોકવ્યવહારમાં તો દયા-દાન-સેવા વગેરે સાધારણ ભાવોને ધર્મ કહી દેવામાં આવે છે, પરંતુ તે લોકોત્તર ધર્મ નથી એટલે કે વાસ્તવિક ધર્મનું સ્વરૂપ તેવું નથી. આર્યભૂમિમાં અને સુકુળમાં જન્મેલા જીવોને—દયા, કોમળતા, બીજાને દુઃખ ન દેવું, ચોરી ન કરવી, સ્વસ્ત્રીમાં જ સંતોષ રાખવો, સત્ય બોલવું, તીવ્ર હિંસા કે ક્રૂરતા ન કરવી—ઈત્યાદિ લૌકિક સજ્જનતાના ભાવો તો સામાન્યપણે હોય જ.—હવે જો એવા લૌકિક ભાવોને (શુભભાવોને) જ ધર્મનું સ્વરૂપ માની લેવામાં આવે તો બધા લૌકિક સજ્જન માણસો પણ ધર્માત્મા ઠરે, અને ધર્મનું લોકોત્તરપણું કે અપૂર્વપણું રહે નહિ. પરંતુ ધર્મ તો સર્વે લૌકિક ભાવોથી તદ્દન જુદો જ અપૂર્વ ભાવ છે. લૌકિક આચરણ સુધારીને પુણ્યભાવથી સ્વર્ગમાં તો જીવ પૂર્વે અનંતવાર ગયો છે પરંતુ ધર્મનો અપૂર્વ લોકોત્તરભાવ તેણે પૂર્વે કદી પ્રગટ કર્યો નથી.

ધર્મની અપૂર્વતા બાબતમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે કે—

'મિથ્યાત્વ-આદિક ભાવને ચિરકાળ ભાવ્યા છે જીવે;
સમ્યક્ત્વ-આદિક ભાવ રે ! ભાવ્યા નથી પૂર્વે જીવે.' (—નિયમસાર ગા. ૯૦)

**એક જ સમયમાં ધ્વંસ ને ઉત્પાદનો સદ્‌ભાવ છે**
**જો કાળને, તો કાળ તેહ સ્વભાવ-સમવસ્થિત છે. ૧૪૨. —શ્રી પ્રવચનસાર**

મિથ્યાત્વાદિ ભાવો જીવે પૂર્વે બહુ દીર્ઘ કાળ ભાવ્યા છે, પરંતુ સમ્યક્ત્વાદિ ભાવો જીવે પૂર્વે કદી ભાવ્યા નથી. માટે હવે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયની ભાવના કર્તવ્ય છે.

વળી આચાર્યદેવ કહે છે કે હે આત્મન્! તું આ દીર્ઘ સંસારમાં સમ્યગ્દર્શનાદિ રત્નત્રયની પ્રાપ્તિ વિના ભમ્યો માટે હવે તું રત્નત્રયને અંગીકાર કર—

रयणत्तये अलद्धे एवं भमिओ सि दीहसंसारे। इय जिणवरेहिं भणियं तं रयणत्तय समायरह ।।

(ભાવપ્રાભૃત ગા. ૩૦)

હે જીવ ! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયને નહિ પામવાથી આ દીર્ઘ સંસારને વિષે તું ભમ્યો, આ જાણીને હવે તું તે રત્નત્રયનું આચરણ કર—એમ શ્રી જિનેશ્વરદેવે કહ્યું છે.

આ સર્વગુણોમાં સારભૂત એવા સમ્યગ્દર્શનને ધારણ કરવાનો ઉપદેશ આપતાં આચાર્યદેવ કહે છે કે—

एवं जिणपण्णत्तं दंसणरयणं घरेह भावेण। सारं गुणरयणत्तय सोवाणं पढम मोक्खस्स ।।

(દર્શનપ્રાભૃત ગાથા ૨૧)

પૂર્વોક્ત પ્રકારે જિનેશ્વરદેવે કહેલું જે સમ્યક્દર્શન છે તે સર્વ ગુણોને વિષે અને દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયને વિષે સાર છે, ઉત્તમ છે, અને મોક્ષરૂપી મહેલમાં ચઢવાનું તે પ્રથમ પગથિયું છે. માટે હે ભવ્ય જીવો! તમે તે સમ્યગ્દર્શનને અંતરંગભાવથી ધારણ કરો.

આચાર્યદેવ કહે છે કે અહો ! જો તારામાં સામર્થ્ય હોય તો તું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય કરજે, અને જો તારામાં તેટલું સામર્થ્ય ન હોય તો સાચી શ્રદ્ધારૂપ સમ્યક્ત્વ તો તું જરૂર કરજે. સમ્યક્ત્વથી પણ તારું આરાધકપણું ટકી રહેશે. માટે શ્રદ્ધા જરૂર કર્તવ્ય છે.

આત્મામાં આવું સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે દરેક જિજ્ઞાસુઓનું કર્તવ્ય છે અને જ્યાં સુધી આત્મામાં એવા શુદ્ધ સમ્યક્ત્વનું પરિણમન ન થાય ત્યાં સુધી જંપ્યા વિના દિન-રાત તેને માટે અંતર્‌વિચાર-મંથન-અભ્યાસનો પ્રયત્ન કરવો તે કર્તવ્ય છે.

પ્રત્યેક સમયે જન્મ-ધ્રૌવ્ય-વિનાશ અર્થો કાળને
વર્તે સરવદા; આ જ બસ કાળાણુનો સદ્‌ભાવ છે. ૧૪૩. —શ્રી પ્રવચનસાર

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

શ્રોતા :—આ તત્ત્વનું સ્વરૂપ અનુમાનજ્ઞાનથી ખ્યાલમાં આવે છે પણ અનુભવથી ખ્યાલમાં નથી આવતું.

ઉત્તર :—પ્રયોજનભૂત નવ તત્ત્વોનું સ્વરૂપ પહેલા અનુમાનજ્ઞાનથી ખ્યાલમાં આવે પછી અનુભવ થાય છે. પહેલા શુકન થાય પછી તેનું ફળ આવે છે ને! તેમ પહેલા અનુમાનજ્ઞાનથી ખ્યાલમાં લ્યે પછી અનુભવ થાય.

શ્રોતા :—નિર્મળ પર્યાયને તો અંતર્લીન કહી છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ તો સ્વ સન્મુખ વળી છે તેથી તે પર્યાયને અંતર્લીન કહ્યું છે પણ તેથી કાંઈ પર્યાય ધ્રુવમાં ભળી જતી નથી. ધ્રુવના આશ્રયે દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ પછી ચારિત્રની શુદ્ધિ પણ પર્યાયના આશ્રયે થતી નથી. ત્રિકાળી અંતઃતત્ત્વ જે ધ્રુવ તળદળ છે તેના આશ્રયે જ ચારિત્રની શુદ્ધિ થાય છે. આ વસ્તુની સ્થિતિ છે, ભગવાનના વચનો છે, આ ઉપદેશ ભેદજ્ઞાનની પરાકાષ્ટાનો છે. પ્રભુ! નિર્મળ પર્યાય બહિર્તત્ત્વ છે, તે નિર્મળ પર્યાયના આશ્રયે ટકે નહિ, વધે નહિ, પણ અંતઃતત્ત્વ જે ધ્રુવતત્ત્વ છે તેના જ આશ્રયે પ્રગટે છે, ટકે છે ને વધે છે. દયા-દાન આદિના પરિણામ એ તો મલિન બહિર્તત્ત્વ છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ તે નિર્મળ બહિર્તત્ત્વ છે. દ્રવ્યદૃષ્ટિ તો એક શુદ્ધ અંતઃતત્ત્વને જ અવલંબે છે.

શ્રોતા :—નિયમસાર શાસ્ત્રમાં કહે છે કે આત્મા નિરંતર સુલભ છે; તેનો શું અર્થ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—નિયમસાર કળશ-૧૭૬માં કહે છે કે આત્મા નિરંતર સુલભ છે. અહાહા! આત્મા નિરંતર વર્તમાન સુલભ છે, વર્તમાન સુલભ છે એનું તાત્પર્ય એ છે કે આત્મા વર્તમાનમાં જ છે,તેનો વર્તમાનમાં આશ્રય લે! ભૂતકાળમાં હતો અને ભવિષ્યમાં રહેશે એમ ત્રિકાળ લેતા તેમાં કાળની અપેક્ષા આવે છે. તેથી વર્તમાનમાં જ ત્રિકાળી પૂર્ણાનંદ નાથ પડ્યો છે, તેનો વર્તમાનમાં જ આશ્રય લે તેમ કહે છે.

**જે અર્થને ન બહુ પ્રદેશ, ન એક વા પરમાર્થથી,**
**તે અર્થ જાણો શૂન્ય કેવળ—અન્ય જે અસ્તિત્વથી. ૧૪૪. –શ્રી પ્રવચનસાર**

## બાળ વિભાગ

# એક હતો સિંહ...એક હતો વાંદરો

(છેવટે બંને મિત્ર બની ગયા)

અગાઉના જમાનાની વાત છે.

એક સુંદર જંગલ હતું. તેમાં અનેક પશુઓ રહેતાં હતાં. સિંહ રહે ને વાંદરા રહે, હાથી રહે ને હરણ રહે, સર્પ રહે ને સસલાં રહે.

એક ઝાડ ઉપર બે વાંદરા રહેતા હતા. એક વાંદરો યુવાન હતો; બીજો વાંદરો બુઢ્ઢો હતો. તે જંગલમાં એક ભૂખ્યો સિંહ શિકારને શોધતો હતો. ફરતાં ફરતાં તે આ ઝાડ પાસે આવ્યો. ઝાડ ઉપર બે વાંદરા જોયા. હવે ઝાડ ઉપર તો સિંહથી પહોંચી શકાય તેમ ન હતું. પણ બુદ્ધિમાન સિંહે વાંદરાને પકડવાની એક યુક્તિ શોધી કાઢી.

ઉનાળાની ભર બપોર હતી. ઝાડ ઉપરના વાંદરાનો પડછાયો નીચે પડતો હતો. સિંહે જોયું કે બુઢ્ઢો વાંદરો છાયાની ચેષ્ટાને જ પોતાની માની રહ્યો છે; એટલે સિંહે તો વાંદરા સામે નજર કરીને એક ગર્જના કરી અને તેના પડછાયા ઉપર જોરથી પંજો માર્યો.

''હાય ! હાય ! સિંહે મને પકડ્યો'' એમ સમજીને તે મૂરખ બુઢ્ઢો વાંદરો તો ભયથી ચીચીયારી પાડતો નીચે પડ્યો ને સિંહના પંજામાં પકડાઈને મરણ પામ્યો. પણ બીજો યુવાન વાંદરો તો ઊંચા ઝાડ ઉપર નિર્ભયપણે બેસી રહ્યો....ને ત્યાં બેઠા બેઠા સિંહની ચેષ્ટા તેણે જોયા કરી.

તે યુવાન વાંદરાએ વિચાર કર્યો કે બીજો વાંદરો નીચે પડીને કેમ મરી ગયો ? ને હું કેમ ન મર્યો ?

વિચાર કરતાં તેણે શોધી કાઢ્યું કે હા, બરાબર ! તે વૃદ્ધ વાંદરાએ નીચેની છાયાને પોતાની માની, એટલે છાયા પર સિંહનો પંજો પડતાં જ તે અજ્ઞાનથી ભયભીત થઈને નીચે પડ્યો ને સિંહનો શિકાર બનીને મર્યો. મેં છાયાને પોતાની ન માની, તેથી હું મરણથી બચી ગયો.

હવે તે યુવાન વાંદરાને એમ થયું કે સિંહે મારા દાદાને (વૃદ્ધ વાંદરાને) મૂર્ખ બનાવ્યા, તો હું પણ તેને તેની મૂર્ખતા બતાવીને બોધ આપું. હે સિંહકાકા ! તમે પણ એવી જ મૂર્ખાઈ કરી રહ્યા છો.

એકવાર તેણે તે સિંહને જઈને કહ્યું કે હે સિંહકાકા ! તમે તો આ વનના રાજા છો. પણ તમારા જેવો બીજો એક સિંહ આવ્યો છે, તે કહે છે કે વનનો રાજા હું છું, તમે નહીં.

ત્યારે તે સિંહે ક્રોધથી કહ્યું : અરે, મારી સત્તાની ના પાડનાર વળી બીજો સિંહ કેવો ? ચાલ, બતાવ ! એ ક્યાં રહે છે ? એટલે એની ખબર લઉં !

ત્યારે વાંદરાએ કહ્યું : કાકા, સામેના કૂવામાં તે સિંહ રહે છે.



બસ, સિંહ તો દોડ્યો...ને કૂવામાં જોયું તો પોતાના જેવો જ સિંહ દેખાયો; હતી તો તે પોતાની જ છાયા, એ કાંઈ સાચો સિંહ ન હતો. પણ મૂરખો તેને જ બીજો સાચો સિંહ સમજીને, ક્રોધથી અંધ થઈને, તેને મારવા કૂવામાં પડ્યો ને અંતે તે મૂરખ સિંહ કૂવામાં ડૂબી મૂઓ.

આ રીતે સિંહ અને વાંદરાની જેમ અજ્ઞાની જીવો આ છાયા જેવા શરીરને પોતાનું માનીને સંસારમાં જન્મ-મરણ કર્યા કરે છે, ને ભવના કૂવામાં પડીને દુઃખી થાય છે—પણ જો સાચું જ્ઞાન કરે, ને શરીરથી જુદું પોતાનું સ્વરૂપ જાણે તો તેને જન્મ-મરણ થાય નહિ.

* * *

હવે થોડા સમય બાદ ફરી એકવાર એવું બન્યું કે પહેલાંની જેમ જ તે વનમાં ઝાડ ઉપર એક વાંદરો બેઠો હતો, ને ભૂખ્યો સિંહ આવ્યો. સિંહને એમ થયું કે નીચે છાયા હાલતી ચાલતી દેખાય છે તે જ વાંદરો છે. એટલે તેણે તો તે પડછાયા ઉપર પંજા મારવા માંડ્યા ! પંજો મારી મારીને થાક્યો, પણ સિંહના હાથમાં તો કાંઈ ન આવ્યું. જેમ પૈસામાં ઝાવાં મારી મારીને થાકે તોપણ જીવને જરાય સુખ મળતું નથી, તેમ સિંહે ઘણાં ઝાવાં માર્યા પણ તેના હાથમાં કાંઈ ન આવ્યું.

ત્યારે ઝાડ ઉપર બેઠેલા વાંદરાએ કહ્યું કે અરે સિંહરાજ ! જેમ અત્યારે તમે મૂર્ખાઈ કરી રહ્યા છો તેમ પૂર્વે તમારા દાદાએ પણ એવી મૂર્ખાઈ કરીને પ્રાણ ખોયા હતા. જેમ તમે મારી છાયાને જ વાંદરો સમજીને તેના ઉપર પંજો મારી રહ્યા છો તેમ પૂર્વે તમારા એક સિંહદાદાએ કૂવામાં પોતાની છાયા દેખીને તેને જ સાચો સિંહ માની લીધો ને તેની સાથે લડવા કૂવામાં ઝંપલાવીને ડૂબી મર્યા.


સિંહ કહે : 'અરે વાંદરાજી ! જેમ મારા દાદાએ ભૂલ કરી હતી તેમ તારા દાદાએ પણ ભૂલ કરી હતી. એકવાર તારા વાંદરા-દાદા ઝાડ ઉપર બેઠા હતા ને નીચે તેની છાયા પર સિંહે પંજો માર્યો, ત્યાં તો ઉપરનો વાંદરો ધ્રુજી ઊઠ્યો, ને 'સિંહ મને મારી નાંખશે' એવા ભયથી નીચે પડ્યો; એમ તું પણ હમણાં નીચે પડવાનો છો.

વાંદરાએ હસીને કહ્યું : અરે સિંહમામા ! એ જમાના ગયા. હવે તો ભેદજ્ઞાનના જમાના આવ્યા છે. પડછાયાને પોતાનો માનવાના જમાના વીતી ગયા. તમને ખબર નહિ હોય કે હું 'સોનગઢના આંબાવન'માં રહી આવ્યો છું. એ સોનગઢમાં એક મહાત્માના પ્રતાપે ભેદજ્ઞાનના વાયરા વાઈ રહ્યા છે; ત્યાંના મનુષ્યો તો જડ-ચેતનનું ભેદજ્ઞાન કરનારા છે, ને તે દેખીને મારા જેવા વાંદરાને પણ દેહ ને આત્માની ભિન્નતાની ભાવના જાગી છે. હવે છાયાને પોતાનું રૂપ

માનીને પ્રાણ ગુમાવાની મૂર્ખાઈના જમાના ગયા. તમે તમારે છાયા ઉપર ગમે તેટલા પંજા મારોને, હું તો છાયાથી જુદો નિર્ભયપણે મારા સ્થાને બેઠો છું.

વાંદરાની વાત સાંભળીને સિંહમામા સમજી ગયા કે અહીં મારું કાંઈ ચાલવાનું નથી. ઊલટું વાંદરાની બુદ્ધિ પ્રત્યે તેને બહુમાન જાગ્યું કે વાહ ! દેહ અને છાયાની ભિન્નતાના ભાનથી આ વાંદરાને કેવી નિર્ભયતા છે ! તો પછી, દેહ અને આત્માની ભિન્નતા જાણવાથી તો કેવી નિર્ભયતા થાય ! આમ સિંહના વિચારમાં પરિવર્તન થયું.

સિંહે પોતાના વિચાર વાંદરાને જણાવ્યા. વાંદરાએ કહ્યું : મામા ! તમારી વાત તદ્દન સાચી છે. દેહ અને આત્માની ભિન્નતા જાણતાં, આ સિંહની તો શી વાત !–પરંતુ કાળરૂપી સિંહનો પણ ભય રહેતો નથી; કાળરૂપી સિંહ આવે કે મૃત્યુ આવે તોપણ તેને પાછો વાળી દ્યે કે અરે કાળ ! તું ચાલ્યો જા....મારી પાસે તારું જોર નહિ ચાલે; તારો પંજો મારા ઉપર નહિ ચાલે, કેમકે હું કાંઈ દેહ નથી, હું તો અવિનાશી આતમરામ છું; મૃત્યુરૂપી સિંહ મને મારી શકે નહીં.



હે સિંહમામા ! આવા સરસ ભેદજ્ઞાનની વાત સાંભળીને હવે તમે હિંસાના ક્રૂરભાવ છોડો ને આત્માના પરમ શાંતભાવને ધારણ કરો. તમારા વંશમાં પૂર્વે એક સિંહે મુનિરાજના ઉપદેશથી આવું ભેદજ્ઞાન કર્યું હતું ને પછી તે ભરતક્ષેત્રમાં તીર્થંકર થયા હતા. દેખો, તેનું ચિત્ર–



વળી ઋષભદેવ પ્રભુના જીવે, વજ્રજંઘના ભવમાં જ્યારે મુનિને આહારદાન દીધું ત્યારે પણ એક સિંહ અને વાંદરાએ એક સાથે તેમાં અનુમોદના કરી હતી. પછી બંનેએ સાથે બેસીને મુનિનો ઉપદેશ સાંભળ્યો હતો, ને જાતિસ્મરણજ્ઞાન પામ્યા હતા. ત્યાર પછી બીજા ભવમાં ભોગભૂમિમાં આત્મજ્ઞાન કરીને તેઓ બંને, ઋષભદેવ ભગવાનના પુત્રો થઈને મોક્ષમાં ગયા. આપણે પણ હવે મિત્રપણે સાથે રહીશું ને ભેદજ્ઞાન કરીને ભગવાન થઈશું.

વાંદરાની વાત સાંભળીને સિંહ બહુ ખુશી થયો, તેણે હિંસકભાવ છોડી દીધા, શાંતભાવ પ્રગટ કરીને ભેદજ્ઞાન કર્યું અને તે સિંહ તથા વાંદરો એકબીજાના સાધર્મી મિત્રો બની ગયા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત

# બૃહદ્-દ્રવ્યસંગ્રહ અધ્યયન વર્ષ

**સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ**

## પ્રશ્નપત્ર ક્રમાંક-૨ (કુલ માર્ક્સ-૫૦)

અભ્યાસ ક્રમ –બૃહદ્-દ્રવ્યસંગ્રહ ગાથા ૮ થી ૧૩

પરીક્ષાર્થીનું નામ : ................................................... ઉંમર : .........

મંડળનું નામ : ............................................ ગામનું નામ : ...............

ફોન નં.: ................................................... તા. ૧૧-૧૧-૨૦૧૫

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
(૨) પ્રશ્નોના ઉત્તર બૃહદ્-દ્રવ્યસંગ્રહ આધારિત આપવાના રહેશે.

**પ્રશ્ન-૧ : નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ ૧૨ પ્રશ્નોના જવાબ લખો. (બે લાઈન) ૨૪**

(૧) જીવ શાનો કર્તા છે ? શાનો કર્તા નથી ?
(૨) આઠમી ગાથાનું તાત્પર્ય શું છે ? તેમાં ક્યા મતની માન્યતાનું ખંડન છે ?
(૩) આત્મા શુદ્ધનયથી શાનો ભોક્તા છે ? અને અશુદ્ધનયથી શાનો ભોક્તા છે ?
(૪) આત્મા વ્યવહારનયે શાનો ભોક્તા કહેવાય છે ?
(૫) આત્મા શું કરતો થકો સંસારમાં પરિભ્રમણ કરે છે ?
(૬) ગાથા-૯નું તાત્પર્ય શું છે, તેમાં ક્યા મતની માન્યતાનું ખંડન કર્યું છે ?
(૭) જીવ નિશ્ચયનયથી કેટલા પ્રદેશવાળો છે ? છતાં વ્યવહારનયથી કેવો છે ?
(૮) સંસારી જીવ ક્યા સ્વરૂપે દેખાય છે ? તેના ભેદ જણાવો.
(૯) આ ગ્રંથની ૧૨ અને ૧૩ ગાથામાં ક્યા સિદ્ધાંત ગ્રંથના બીજડાં તથા સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાયનું બીજ કઈ ગાથાના ક્યા પદમાં છે ?
(૧૦) ગાથા ૧૩નું તાત્પર્ય શું છે ?
(૧૧) શુદ્ધ પારિણામિક નિશ્ચયનયથી જીવો શાનાથી રહિત છે ?
(૧૨) આ ગ્રંથમાં કારણ સમયસાર અને કાર્ય સમયસારની ચર્ચા કઈ અપેક્ષાએ છે?
(૧૩) ગાથા-૧૦નું તાત્પર્ય શું છે ?
(૧૪) સિદ્ધાંત ગ્રંથોમાં જીવની વીસ પ્રરૂપણા કઈ છે ?

**પ્રશ્ન-૨ : નીચેનામાંથી કોઈપણ ચાર પ્રશ્નોના વિસ્તારથી જવાબ લખો. (પાંચ લાઈનમાં) ૧૨**

(૧) જીવ વ્યવહારનયથી ક્યા ભાવોનો કર્તા કહેવાય છે ? ચર્ચા કરો.
(૨) જીવ નિશ્ચયનયની અપેક્ષાએ ચેતન કર્મોનો કર્તા કઈ રીતે છે ? ચર્ચા કરો.
(૩) આત્મા ક્યા નયથી કર્મના ફળોનો ભોક્તા છે ? કઈ રીતે ? સ્પષ્ટ કરો.
(૪) સમુદ્‌ઘાતના પ્રકારો જણાવી ટૂંકમાં તેમનું સ્વરૂપ જણાવો.
(૫) જીવ કઈ અપેક્ષાએ લોકવ્યાપક છે ? કઈ અપેક્ષાએ નથી ?

**પ્રશ્ન-૩ : નીચેના શબ્દોના અર્થ લખો ૪**

(૧) શરીરપર્યાપ્તિ (૨) ભાવશ્રુત (૩) સાસાદન ગુણસ્થાન (૪) આહાર માર્ગણા

**પ્રશ્ન-૪ : નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (વીસ લીટીમાં) ૧૦**

(૧) ૧૪ ગુણસ્થાનોના નામ બતાવી તેમનું ટૂંકમાં વર્ણન કરો.
(૨) માર્ગણા કોને કહે છે ? તેના પ્રકારો બતાવી તેમનું ટૂકમાં વર્ણન કરો.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૧૫ થી ૬-૩૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૮-૦૦ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : | ધાર્મિક શિક્ષણવર્ગ |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |

## વૈરાગ્ય સમાચાર :–

રાજકોટનિવાસી (હાલ બોંગાઈગામ—આસામ) શ્રી જસવંતભાઈ (નટુભાઈ) (ઉ.વ. ૮૦)નું તા. ૩-૧૨-૨૦૧૫ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

મોરબીનિવાસી હાલ સાંતાક્રુઝ-મુંબઈ શ્રી ચંદ્રકાંતભાઈ મોહનલાલ મહેતા (ઉ.વ. ૮૮)નું તા. ૧૨-૧૨-૨૦૧૫ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

બેંગલોરનિવાસી (હાલ સોનગઢ) શ્રી પ્રવીણભાઈ હરિલાલ દોશી (ઉ.વ. ૯૩)ના દેહનું પરિવર્તન તા. ૨૦-૧૨-૨૦૧૫ના રોજ શાંત પરિણામપૂર્વક થયેલ છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

**મનુષ્ય મરણ પામેલાં જીવોના વિષયમાં સાંભળે છે તથા વર્તમાનમાં તે મરણ પામનાર ઘણા જીવોને સ્વયં દેખે પણ છે, તોપણ તે કેવળ મોહના કારણે પોતાને અતિશય સ્થિર માને છે. તેથી, વૃદ્ધત્વને પ્રાપ્ત થવા છતાં પણ તે ઘણું કરીને ધર્મની અભિલાષા કરતો નથી અને તેથી જ પોતાને નિરંતર પુત્રાદિરૂપ બંધનોથી અત્યંતપણે બાંધે છે.** —શ્રી પદ્મનંદી પંચવિંશતિ

## (૩૨)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલ પ્રશ્નોના જવાબ જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તર માળા ભાગ-૧-૨ના પ્રકરણ ત્રીજામાંથી મળશે.

(૧) પ્રમાદના ..................... ભેદ છે.

(૨) મિથ્યાત્વ તથા ક્રોધ, માન, માયા, લોભરૂપ આત્માની ............. ને .............. કષાય કહે છે.

(૩) શબ્દ તે ................... દ્રવ્યનો ................. પર્યાય છે.

(૪) પાંચ શરીરના નામો (૧) ................... (૨) ................. (૩) ............... (૪) ................... (૫) .................. છે.

(૫) અનેક વસ્તુઓમાં એકપણાનું જ્ઞાન કરાવાવાળા સંબંધ વિશેષને ............. કહે છે.

(૬) સ્કંધના ................. ભેદ છે.

(૭) મનુષ્ય તથા તિર્યંચના સ્થૂલ શરીરને ............... શરીર કહે છે.

(૮) જે ગુણના કારણે આત્મામાં સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવાની યોગ્યતા રહે તે ગુણને ................ ગુણ કહે છે.

(૯) અર્થ પર્યાયના ................ ભેદ છે (૧) ................. અને (૨) ...............

(૧૦) મતિજ્ઞાનનાં ક્રમે (૧) ............... (૨) ................. (૩) ................ અને ................. ચાર ભેદ હોય છે.

(૧૧) ઘડિયાલના લોલકનું ચાલવું તે પુદ્‌ગલદ્રવ્યની ક્રિયાવતી શક્તિના કારણે થતો ગમનરૂપ .............. પર્યાય છે.

(૧૨) ધર્મ, અધર્મ, આકાશ અને કાળ દ્રવ્યોને ફક્ત (૧) ................. અને (૨) ............... પર્યાય હોય છે.

(૧૩) અભવ્ય જીવનો સંસારી પર્યાય ................ છે.

(૧૪) જે જ્ઞાનથી જાણેલા પદાર્થમાં કાળાન્તરમાં સંશય અને વિસ્મરણ ન થાય તેને ................. કહે છે.

(૧૫) વિગ્રહગતિમાં .............. અને .............. શરીરનો સંયોગ હોય છે.

(૧૬) પ્રદેશત્વ ગુણ સિવાયનાં બાકીના સંપૂર્ણ ગુણોના વિશેષ કાર્યને ................. પર્યાય કહે છે.

(૧૭) દેવ અને નારકીઓને (૧) ............... (૨) ............... (૩) ............. શરીર હોય છે.

(૧૮) ચારિત્રગુણની શુદ્ધ પર્યાય (૧) ............... ચારિત્ર (૨) ............. ચારિત્ર (૩) ............ ચારિત્ર (૪) ............. ચારિત્ર છે.

(૧૯) જ્ઞાનાવરણાદિ આઠ કર્મોના સમૂહને ................ શરીર કહે છે.

(૨૦) સમ્યક્દૃષ્ટિને મોક્ષમાર્ગ .................. કાળ હોય છે.

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્નો ડિસેમ્બર-૨૦૧૫ના ઉત્તરો

| | | | |
|---|---|---|---|
| (૧) | જીવ અને પુદ્‌ગલ | (૧૧) | વસ્તુત્વ |
| (૨) | વીર્ય | (૧૨) | જડત્વ |
| (૩) | અવધિજ્ઞાન | (૧૩) | વિશેષ |
| (૪) | જીવ | (૧૪) | અગુરુલઘુત્વ |
| (૫) | દર્શન ચેતના (દર્શનોપયોગ) જ્ઞાનચેતના (જ્ઞાનોપયોગ) | (૧૫) | પ્રદેશત્વ |
| (૬) | અચક્ષુ | (૧૬) | અવધિ |
| (૭) | પ્રતિજીવી | (૧૭) | દ્રવ્યપ્રાણ-ભાવપ્રાણ |
| (૮) | સામાન્ય | (૧૮) | અસ્તિત્વ |
| (૯) | પ્રમેયત્વ | (૧૯) | સામાન્ય—વિશેષ |
| (૧૦) | અગુરુલઘુ | (૨૦) | કેવળ |

## (૩૨)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(કૌંસમાં આપેલ ત્રણ વિકલ્પમાંથી સાચો ઉત્તર ગોતીને ખાલી જગ્યા ભરો.)

(૧) કમંડળ એ મુનિરાજ માટે ................ છે. (ઉપકરણ, પરિગ્રહ, આસક્તિ)

(૨) છ કાયના જીવોની હિંસાથી વિરક્ત ન થવું તેને ................ કહે છે. (પ્રમાદ, મિથ્યાત્વ, અવિરતિ)

(૩) ક્રોધાદિ કષાયરૂપ પરિણતિને .................. કહે છે. (શુદ્ધોપયોગ, અશુભોપયોગ, શુભોપયોગ)

(૪) ઈષ્ટપદાર્થના વિયોગથી થતાં દુઃખરૂપ પરિણામને ................ કહે છે. (ભય, જુગુપ્સા, શોક)

(૫) સીમંધર આદિ વીસ તીર્થંકરમાં છઠ્ઠા તીર્થંકર ભગવાનનું નામ ............... છે. (ચંદ્રાનનસ્વામી, સ્વયંપ્રભ સ્વામી, ઈશ્વરસ્વામી)

(૬) તત્ત્વોના યથાર્થ શ્રદ્ધાનને ............. કહે છે. (સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર)

(૭) મુનિસુવ્રતનાથ ભગવાનનું જન્મધામ .................... છે. (અયોધ્યા, મિથિલા, રાજગૃહી)

(૮) કાળદ્રવ્યના ............... પ્રદેશ છે. (એક, અસંખ્યાત, સંખ્યાત)

(૯) જે બીજાના મનમાં રહેવાવાળા વિષયને જાણે તેને ............... કહે છે. (મનઃપર્યય, અવધિજ્ઞાન, મતિ-શ્રુતજ્ઞાન)

(૧૦) વિપરીતજ્ઞાનને ............... કહે છે. (સંશય, અનધ્યવસાય, વિપર્યય)

(૧૧) સાતમા સુપાર્શ્વનાથ ભગવાનનું લાંછન ................ છે. (મગર, હાથી, સ્વસ્તિક)

(૧૨) જે શરીર અને આત્માને એક માને તે ............... છે. (પરમાત્મા, બહિરાત્મા, અંતરાત્મા)

(૧૩) બાહ્ય અને અભ્યંતર પરિગ્રહને સર્વથા ત્યાગ કરવાવાળા શુદ્ધોપયોગી મુનિ ............. અંતરાત્મા છે. (ઉત્તમ, મધ્યમ, જઘન્ય)

(૧૪) બે થી ચાર ઈન્દ્રિય જીવોને ............. કહે છે. (સ્થાવર, વિકલત્રય, ત્રસ)

(૧૫) અંતરંગ અને બાહ્ય પરિગ્રહના ............. ભેદ છે. (૨૪, ૧૮, ૧૦)

(૧૬) પંદરમા ધર્મનાથ ભગવાનના વૈરાગ્યનું કારણ .............. હતું. (વાદળાનું વિખરાવવું, જાતિસ્મરણ, ઉલ્કાપાત)

(૧૭) છ દ્રવ્યમાં સૌથી વધુ સંખ્યા ................ દ્રવ્યની છે. (જીવ, પુદ્ગલ, કાળ)

(૧૮) અધોલોકની ઉંચાઈ ................. રાજુ છે (સાત, નવ, ચૌદ)

(૧૯) જેમાં ૬૩ શલાકાપુરુષની કથા હોય તેને ................ કહે છે. (ચરિત્ર, નિવેદન, પુરાણ)

(૨૦) સમસ્ત ધર્મોમાં સરખાપણું માનવું એ ................. મિથ્યાત્વ છે. (અજ્ઞાન, વિપરીત, વૈનયિક)

## બાળકો માટેના આપેલ પ્રશ્ન ડિસેમ્બર–૨૦૧૫ના ઉત્તર

(૧) સ્પર્શ
(૨) કાળ
(૩) દેવ
(૪) પં. દૌલતરામજી
(૫) મહાવિદેહ
(૬) પાંચ
(૭) નંદિશ્વર
(૮) વીર્ય
(૯) ચારિત્ર
(૧૦) પ્રદેશત્વ
(૧૧) શાંતિનાથ
(૧૨) ૧૯૮૫
(૧૩) ચાર
(૧૪) શુદ્ધાત્મા
(૧૫) મગર
(૧૬) પ્રથમાનુયોગ
(૧૭) પૂજ્ય ગુરુદેવ
(૧૮) બે
(૧૯) અસંખ્યાત
(૨૦) અવધિ

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● પ્રશ્ન :—પર્યાય દ્રવ્યને અડતી નથી તો આનંદ કેવી રીતે આવે ?

સમાધાન :—પર્યાય દ્રવ્યને અડતી ન હોવા છતાં પૂરા દ્રવ્યનું જ્ઞાન પર્યાયમાં આવી જાય છે, તોપણ દ્રવ્ય પર્યાયમાં આવતું નથી. ધર્મી અને ધર્મ બે વસ્તુ છે. પર્યાય વ્યક્ત છે ને ધ્રુવવસ્તુ અવ્યક્ત છે. બે એક દ્રવ્યના ધર્મ હોવા છતાં વ્યક્ત અવ્યક્તને અડતું નથી, પરંતુ પર્યાયનું લક્ષ દ્રવ્ય સન્મુખ છે. તેથી પર્યાય આનંદરૂપ પરિણમે છે. ૧૫૨.

● પ્રશ્ન :—અમે આત્માનું ધ્યાન તો ઘણું કરીએ છીએ પણ આત્માનો અનુભવ કેમ થતો નથી ?

ઉત્તર :—આત્માનો ખરો પ્રેમ આવવો જોઈએ. જેમ બાળકને વ્હાલી માતા દેખાતા અને યુવાનને વ્હાલી સ્ત્રી દેખતા અંતરથી પ્રેમ આવે છે, પ્રેમ ઉભરાય છે. તેમ અંતરથી આત્માનો સાચો પ્રેમ આવે તો આત્માનો અનુભવ થયા વિના રહે જ નહીં. આત્માનો અનુભવ થતો નથી તેનું કારણ હજુ આત્મા પ્રત્યે ખરો પ્રેમ જાગ્યો નથી. ૧૫૩.

● પ્રશ્ન :—આચાર્યદેવે સમ્યગ્દર્શન પ્રાપ્તિ માટે છ માસ અભ્યાસ કરવા કહ્યું છે અને અમને તો ૨૫-૩૦ વર્ષથી થતું નથી તો કઈ વિધિ બાકી રહી જાય છે ?

ઉત્તર :—અંતરના ઊંડાણમાંથી રુચિ ને લગની લાગવી જોઈએ, તે વિધિ બાકી રહી જાય છે. છ માસ સુધી અંદર ધૂન લાગવી જોઈએ. જો આત્માના લક્ષે છ માસ આત્માની ધૂન લાગે તો આત્માનો અનુભવ થયા વિના રહે જ નહીં. ૧૫૪.

● નરકના નારકીને સ્વર્ગના સુખની ગંધ નહીં, સ્વર્ગના દેવને નરકના દુ:ખની ગંધ નહીં, રાગમાં ધર્મની ગંધ નહીં, પરમાણુમાં પીડાની ગંધ નહિ, સૂર્યમાં અંધકારની ગંધ નહિ અને સુખ સ્વભાવમાં સંસારદુ:ખની ગંધ નહિ. ૧૫૫.

● પ્રશ્ન :—સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની વિધિ શું છે ?

ઉત્તર :—પરનો કર્તા આત્મા નથી, રાગનો પણ કર્તા નથી, રાગથી ભિન્ન જ્ઞાયકમૂર્તિ છું—એવી અંતરમાં પ્રતીતિ કરવી એ વિધિ છે. અહાહા ! આવો સમય મળ્યો છે એમાં તો આત્માને રાગથી જુદો કરી દેવાનો આ કાળ છે. ૧૫૬.

આત્મધર્મ
જાન્યુઆરી-૨૦૧૬
અંક-૫ ✻ વર્ષ-૧૦

Posted at Songadh PO
Publish on 1-1-2016
Posted on 1-1-2016

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org